

પરમ દિગંબર મહાસંત ભગવત્ કુંદકુંદાચાર્યદેવના
દાસાનુદાસ દિગંબર ધર્મના પ્રખર પ્રચારક પૂજ્યશ્રી કાનજીસ્વામી

કહાન સંવત-૫ [૫૦૧] * આત્મધર્મ * [અંક : ૧ વર્ષ : ૪૨] જુલાઈ, ૧૯૮૫

# * સાચો મુમુક્ષુ *

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

ગુરુના હિતકારી ઉપદેશના તીક્ષ્ણ પ્રહારોથી સાચા મુમુક્ષુનો આત્મા જાગી ઊઠે છે અને જ્ઞાયકની રુચિ પ્રગટે છે, વારંવાર ચેતન તરફ—જ્ઞાયક તરફ વલણ થાય છે. જેમ ભક્તને ભગવાન માંડમાંડ મળ્યા હોય તો તેને મૂકવા ન ગમે, તેમ 'હે ચેતન' 'હે જ્ઞાયક' એમ વારંવાર અંદર થયા કરે, તે તરફ જ રુચિ રહ્યા કરે; 'હું તો હાલું-ચાલું ને પ્રભુ સાંભરે રે' એવું વર્ત્યા કરે. ૨૭૩.

ગુરુના હિતકારી ઉપદેશના તીક્ષ્ણ પ્રહારોથી સાચા મુમુક્ષુનો આત્મા જાગી ઊઠે છે અને જ્ઞાયકની રુચિ પ્રગટે છે, વારંવાર ચેતન તરફ —જ્ઞાયક તરફ વલણ થાય છે.

શું કહે છે? તીર્થંકરનો અને ગુરુનો—સંત મુનિરાજનો—આ ઉપદેશ છે કે તારી ચીજ અંદર જે ચિદાનંદ પ્રભુ છે તે પરના તથા રાગના સંબંધ વિનાની શુદ્ધ છે. દૃષ્ટિનો વિષય શુદ્ધ આનંદકંદ પ્રભુ—રાગથી રહિત વીતરાગ સ્વરૂપ છે. જૈન-દર્શનના ગુરુનો હિતકારી ઉપદેશ એવો હોય છે કે—પ્રભુ! તારો જ્ઞાયક ભગવાન તો પરના સંબંધ વિનાનો અંદર છે; અંતરમાં વીતરાગ જિનબિંબસ્વરૂપ તું છો, તેનો આશ્રય લે તો તને સમ્યગ્દર્શન અને અતીન્દ્રિય આનંદનો અંશ અનુભવ થશે. ધર્મની શરૂઆત ત્યાંથી જ થાય છે. એ સિવાય લાખ દયા, દાન, ભક્તિ, વ્રત, તપ કર, પણ એ બધો રાગ છે ધરમ નથી.

ગુરુ કોને કહીએ?—કે જેમને રાગથી ભિન્ન નિજ વીતરાગ જ્ઞાયક પ્રભુનો અનુભવ થયો હોય અને સ્વરૂપમાં વિશેષ સ્થિરતા જામીને અંદર આનંદદશા વધી ગઈ હોય એવા નિર્ગ્રંથ મુનિરાજને જૈનધર્મમાં ગુરુ કહેવામાં આવે છે. વીતરાગ મુનિરાજનો કે સ્વાનુભવી સમ્યગ્દૃષ્ટિનો ઉપદેશ હિતકારી છે. તેના તીખા પ્રહારોથી સાચા મુમુક્ષુનો

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૮ ]

કહાન
સંવત-૫
વર્ષ-૪૨
અંક-૧
[ ૫૦૧ ]




વીર
સંવત
૨૫૧૧
A. D. 1985
JULY

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# જિનેન્દ્રવૃન્દ પધારિયા રે

[ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ભક્તહૃદયમાંથી પ્રવાહિત ભક્તિગીત ]

[ રાગ—સુંદર સ્વર્ણપુરીમાં ]

મારા જિનાલયમાં જિનેન્દ્રવૃંદ પધારિયા રે;
મારા અંતરિયામાં હર્ષ અતિ ઉભરાય,
સુરનર આવો આવો જિન-ચરણોને પૂજવા રે.

( સાખી )

નંદીશ્વર બિરાજતા, રત્નમયી જિનરાજ;
મેરુ પર સોહી રહ્યાં, જિનપ્રતિમા મનહાર.
આવો પધારો પ્રભુજી સેવકના જિનમંદિરે રે;
હું તો કઈ વિધ વંદું, કઈ વિધ પૂજું નાથ,
મારે આંગણ આજે શાશ્વતા જિનેશ્વરા રે...મારા૦

( સાખી )

ધનુ શત પંચ બિરાજતા, રત્નમયી જિનરાજ;
જિન સાક્ષાત સમા દીસે, સ્વયંસિદ્ધ ભગવાન.
જિનવર મહિમાનાં ગુણગાન ત્રિજગમાં ગાજતાં રે;
પ્રભુની મહિમાના ગુણ મુખથી કેમ કથાય,
દેવ-દેવેન્દ્રો જિનપ્રતિમાનાં ચરણો પૂજતા રે...મારા૦

( સાખી )

જિનપ્રતિમા અદ્‌ભુત અહો! ધ્યાનમયી મનહાર;
ઉપશમરસ વરસી રહ્યા, મંગળમૂર્તિ મહાન.

પ્રભુની ભક્તિ વડે ભવ્યો પામે ભવ-અંતને રે;
જેને અંતર નિરખ્યે આતમને નિરખાય,
એવાં મણિમય બિંબ પધાર્યાં મારે આંગણે રે.
આવો આવો પ્રભુજી આજે મારે મંદિરે રે,
દૈવી ગુણગણ-ધારક દેવ પધાર્યા આંગણે રે...મારા૦

( સાખી )

ઋષભ જિણંદ પધારિયા, મહાપદ્મ ભગવંત;
જિનવર ભાવિ વિદેહના, નંદી-મેરુ જિણંદ.

અંતાતીત ગુણોના નાથ પધાર્યા આંગણે રે;
હું તો જ્યાં જોઉં ત્યાં નિરખું છું જિનદેવ,
વિધવિધ અર્ઘ્યોથી વધાવું જિનવરદેવને રે...મારા૦
મારા હૈડામાંહી હર્ષ અતિ ઉભરાય,
દેવ-ગુરુનો મહિમા નિત્ય વસો મનમંદિરે રે.
ગુરુજીના ગુણમહિમાનાં ગીતો કેમ ગવાય,
ગુરુજી કહાન પ્રતાપે જિનવર વૃંદ પધારિયા રે;
અગણિત ગુણનિધિના દાતાર પધાર્યા આંગણે રે....મારા૦

—※—

## * આત્મતત્ત્વને સમજ *

અરેરે! આવા અનંતા ભવો ગાળ્યા છતાં આ જીવ ચેત્યો નહીં. હવે આ અવસર આવ્યો છે તો હે ભાઈ! પરની ચિંતા છોડીને તારું પોતાનું કલ્યાણ કેમ થાય તેનો તું વિચાર કર...તું તારું સુધાર...તારા હિત માટે તું અંતર્મુખ સ્વભાવમાં જો...ને તારા પૂર્ણ સ્વરૂપને લક્ષમાં લે. ભાઈ! આ દેહ તો ક્ષણમાં છૂટી જશે. બહારમાં તો ભલે ગમે તેમ થાય પણ તું તારા આત્મતત્ત્વને સમજ. તે સમજવાથી જ તારું કલ્યાણ થશે ને ભવથી નિવેડો આવશે.

—પરમ પૂજ્ય ગુરુદેવ

# પરમાત્મદશાની જન્મ-ભૂમિ : ભગવાન આત્મા

[ શ્રી યોગસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૩૨ )

આ યોગીન્દ્રદેવ નામના વનવાસી દિગંબર સંત-આચાર્ય ૧૩૦૦-૧૪૦૦ વર્ષ પહેલાં થઈ ગયા તેમણે આ યોગસાર અને પરમાત્મપ્રકાશ જેવા બે પ્રસિદ્ધ શાસ્ત્રો રચ્યા છે. તેમાં આ યોગસાર એટલે નિજ શુદ્ધ આત્મસ્વરૂપમાં યોગ નામ જોડાણ કરીને, સાર એટલે તેની નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-રમણતા કરવી તેનું નામ યોગસાર છે.

દિગંબર સંતોએ તત્ત્વનું દોહન કરીને બધું સાર....સાર જ આપ્યું છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, યોગસાર આ બધાં શાસ્ત્રોમાં સંતોએ તત્ત્વનો સાર આપ્યો છે.

યોગસાર તે પર્યાય છે પણ તેનો વિષય ત્રિકાળ ધ્રુવ-શાશ્વત શુદ્ધ સત્ વસ્તુ છે, તેનું ધ્યેય બનાવીને તેની શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા કરવી તેને ભગવાન અહીં યોગસાર કહે છે.

તેમાં આ શ્રી યોગસાર શાસ્ત્રની ૮૪ ગાથા ચાલે છે.

દર્શન જે નિજ દેખવું, જ્ઞાન જે વિમળ મહાન,
ફરી ફરી આતમભાવના, તે ચારિત્ર પ્રમાણ. ૮૪.

આ આત્મા મળ-દોષથી રહિત વિમળ અને મહાન છે. એક સમયમાં અનંતી પરમાત્મદશા જેના ગર્ભમાં પડી છે એવો ધ્રુવ-શાશ્વત ભગવાન પોતે જ છે. તેને દેખવો એટલે કે તેની શ્રદ્ધા કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે. કેવી રીતે દેખવો ? તો કહે છે કે પર સન્મુખતા છોડી, ભેદના વિકલ્પ છોડી અને સ્વસન્મુખતા કરીને આત્માને દેખવો-શ્રદ્ધવો તેનું નામ 'દર્શન' છે, અને આ પોતાના જ આત્માને જ્ઞેય બનાવીને તેનું યથાર્થ જ્ઞાન કરવું તેનું નામ સમ્યક્જ્ઞાન છે.

ભગવાન આત્મા અનંત ગુણ સ્વરૂપ અને અસંખ્યપ્રદેશી છે પણ તેમાં ગુણના કે પ્રદેશના ભેદ નથી. એકરૂપ અખંડ છે તેથી તેને જોનારની દૃષ્ટિ પણ એકરૂપ હોય ત્યારે જ આત્માનું દર્શન-શ્રદ્ધા થાય છે.

આત્મા મહાન છે. અરે! તેનો એક એક ગુણ પણ મહાન છે. અનંત શક્તિનો ધારક એવો અનંત શક્તિવાન-અનંત ગુણોનો એકરૂપ પિંડ આત્મા મહાન જ હોય ને! ભગવાને દરેક આત્માને આવા અસંખ્યપ્રદેશી અનંતગુણ સ્વરૂપ મહાન દેખ્યો છે. એવા પોતાના આત્માની પોતે શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા કરવી તેનું નામ ભગવાન

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ફરમાવે છે.

જ્ઞાનસ્વરૂપ આત્માની જે જ્ઞાન પર્યાય પોતાના સ્વરૂપનું જ્ઞાન કરે છે તે સમ્યક્જ્ઞાન છે. શાસ્ત્રનું જ્ઞાન તે જ્ઞાન નથી. તે તો પરસત્તાવલંબી જ્ઞાન છે. આ તો સ્વસત્તાવલંબી થઈને જે પોતાનું ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે તેમાંથી જે જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે તે સાચું જ્ઞાન છે–પોતાનું જ્ઞાન છે.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની વ્યાખ્યા થઈ. હવે સમ્યક્ચારિત્ર કોને કહેવું? તો કહે છે કે વારંવાર આત્માની ભાવના કરવી તેનું નામ સમ્યક્ચારિત્ર છે. ભગવાન આત્મા શુદ્ધ પૂર્ણાનંદ, અતીન્દ્રિય આનંદનો કંદ એકરૂપ વસ્તુ છે તેની દૃષ્ટિ–જ્ઞાન કરીને વારંવાર તેમાં લીનતા કરવી તે યથાર્થ ચારિત્ર છે.

શરીરની ક્રિયા તે તો જડની ક્રિયા છે, અંદરમાં જે શુભાશુભભાવ થાય છે તે તો વિકલ્પ છે પણ આત્માની પ્રગટ પર્યાયનો આશ્રય કરવો તે પણ વિકલ્પ છે જ્ઞાન નથી. એકરૂપ વસ્તુ–આત્માનો આશ્રય કરતાં જે પર્યાય પ્રગટ થાય તે જ ખરેખર સમ્યક્જ્ઞાન છે અને તે એકરૂપ સ્વભાવમાં વારંવાર લીનતા કરવી તે ખરેખર પવિત્ર, નિશ્ચય ચારિત્ર છે.

જેવો અભેદ–અખંડ–એકરૂપ આત્મા દૃષ્ટિ–જ્ઞાનમાં લીધો છે એવા જ આત્મામાં સ્થિરતા કરવી–લીનતા કરવી–ઠરવું–ચરવું એટલે અતીન્દ્રિય આનંદનો ચારો કરવો, અનુભવ કરવો તેનું નામ ભગવાન ચારિત્ર કહે છે. તે જ સાચું અને પવિત્ર ચારિત્ર છે.

અસંખ્યપ્રદેશી આત્મા ક્ષેત્રથી ગમે તેટલો હોય પણ ભાવથી તે મહાન છે. એ અનંતગુણસ્વરૂપ ભાવમાં લીનતા કરવી તે ચારિત્ર છે. આ ચારિત્ર જ ખરેખર મોક્ષનો માર્ગ છે અને એ ચારિત્રનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન છે. માટે, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે મોક્ષ માર્ગ છે.

ભગવાન આત્મા અનંત ગુણોનો પિંડ છે. આ ગુણોનું સ્વભાવ-પરિણમન થવું તે દ્રવ્યનો ધર્મ છે—દ્રવ્યની પર્યાયનો ધર્મ છે. પરિણમન શક્તિથી પર્યાયનું પરિણમન થાય છે. એ દ્રવ્યનો પર્યાયધર્મ છે. તે વ્યવહારનયનો વિષય છે. તેથી તે આશ્રય કરવા લાયક નથી. વ્યવહારનો વિષય જ નથી એમ નથી, વિષય તો છે પણ તે આદરવા યોગ્ય નથી.

ચૌદ ગુણસ્થાન, માર્ગણાસ્થાન આદિની પર્યાયો આશ્રય કરવા લાયક નથી માટે જ તેને વ્યવહાર કહ્યો છે. પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહેલ છે અને અભૂતાર્થ કહેલ છે અને દ્રવ્યના પૂર્ણ ધ્રુવ સ્વરૂપને મુખ્ય કરીને નિશ્ચય અને ભૂતાર્થ કહ્યો છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની મોક્ષમાર્ગની પર્યાય પણ છે. પર્યાય જ નથી, પરિણમન નથી એમ માને તો તો મોક્ષમાર્ગનો જ અભાવ થઈ જાય, પણ એમ નથી. પર્યાય છે પણ તેનું લક્ષ કરવાથી જીવનું પ્રયોજન સિદ્ધ થતું નથી તેથી તેને ગૌણ કરીને

વ્યવહાર કહ્યો છે, અભૂતાર્થ કહ્યા છે અને ત્રિકાળ સ્વભાવને મુખ્ય કરીને-તેનો આશ્રય લેતાં પ્રયોજન સિદ્ધ થાય છે માટે તેને ભૂતાર્થ કહ્યો છે.

જીવનું પ્રયોજન શાંતિ અને આનંદ છે, તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી પ્રગટ થાય છે.

ભગવાન આત્મા અનાદિ અનંત, સ્વતઃસિદ્ધ વસ્તુ છે. જન્મ–મરણ રહિત છે. જગતમાં સંખ્યાએ અનંત જીવો છે તે દરેક જાતિ અપેક્ષાએ સમાન છે. બટાટાની એક કટકીમાં અનંત જીવો છે. અત્યાર સુધીમાં જેટલાં સિદ્ધ થયા તેનાથી અનંતગુણા જીવો એક–એક કટકીમાં છે. સ્વભાવે દરેક જીવો સમાન છે પણ સત્તા બધાની અલગ અલગ સ્વતંત્ર છે.

હે ભાઈ! આવા અનંતાનંત પરદ્રવ્યોની સત્તા અને પોતાની સત્તાનો એકસાથે સ્વીકાર કરવાની તારી એક સમયની પર્યાયમાં તાકાત છે તેનો તું સ્વીકાર કર.

ભગવાન આત્મા કોઈ પરદ્રવ્યના કાર્યનું કારણ નથી કે કોઈનું કાર્ય નથી એવી તેમાં અકાર્યકારણ શક્તિ છે. એક ગુણ એવો છે તો બધાં ગુણ અને દ્રવ્ય પણ અકાર્યકારણ સ્વરૂપ છે.

અધ્યાત્મની અંતરની વાતો ગ્રહણ થવામાં ઘણો પુરુષાર્થ માગી લે છે. આ તો ભગવાનના ઘરની વાત છે તે સમજવા માટે ઘણો પુરુષાર્થ જોઈએ. ધર્મ કોઈ સાધારણ ચીજ નથી. જેના ફળમાં ભૂતકાળથી પણ અનંતગુણી ભવિષ્યની પર્યાયોમાં અતીન્દ્રિય આનંદનું ફળ મળે એવા ધર્મની શી વાત કરવી? અને આ ધર્મ જેના આશ્રયથી પ્રગટ થાય છે એવા દ્રવ્યનું તો કહેવું જ શું? તેની મહિમાનો કોઈ પાર નથી.

પણ અરેરે! જીવને પોતાની સ્વતંત્ર મહાન સત્તાની વાત રુચતી નથી. અનાદિકાળથી પોતાને શક્તિહીન માનીને પરાધીન દશામાં જ રહ્યો છે તેથી સ્વતંત્રતા રુચતી નથી પણ ભાઈ! તું તો પરાક્રમી સિંહ છો તને આ પરાધીનતા–કાયરતા શોભતી નથી.

ભગવાન આત્મા જ્યાં પોતાના સ્વભાવમાં દૃષ્ટિ–જ્ઞાન અને રમણતા કરે ત્યાં તેમાં યોગ પણ નથી અને ઇચ્છા પણ નથી. આત્મા સ્વભાવથી અકર્તા–અભોક્તા છે. પરનો કર્તા-ભોક્તા તો આત્મા નથી પણ રાગનો કર્તા–ભોક્તા પણ આત્મા પોતાના સ્વરૂપથી થતો નથી. ગજબ વાત છે ભાઈ! સમજવા જેવી વાત છે.

શું રાગ આત્માના સ્વભાવની ખાણમાં પડ્યો છે–શક્તિમાં રાગ પડ્યો છે કે તેને આત્મા કરે? ખરેખર જો આત્મા સ્વભાવથી રાગને કરતો હોય તો તેનો અર્થ એ થયો કે આખું દ્રવ્ય વિકારી છે, પણ એમ નથી. માટે રાગનો કર્તા આત્મા છે જ નહિ.

વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ સર્વજ્ઞદેવે બતાવ્યું છે, કાંઈ બનાવ્યું નથી. જેવું સ્વરૂપ છે તેવું સર્વજ્ઞે જાણ્યું, જાણ્યું એવું વાણીમાં આવ્યું અને એવું જ વસ્તુનું સ્વરૂપ છે.

ભાઈ! તું તો આત્મા છો ને! તારામાં તો મહાન મહાન પવિત્રતા પડી છે. તે પવિત્રતારૂપે તું પરિણમી જા! એ પરિણમન તે વ્યવહાર છે અને ધ્રુવ પોતે નિશ્ચય છે.

એક રજકણનો પણ આત્મા કર્તા નથી ત્યાં તેને પરને બચાવવાવાળો, દયાવાળો કે પરને મારવાવાળો શી રીતે કહેવાય? એમ કહેવું એ તો ભગવાનને કલંક લાગે છે. જે સ્વભાવ નથી તેને સ્વભાવ માનવો તે કલંક છે પ્રભુ! એ કલંકનું ફળ બહુ નુકશાનકારી છે ભાઈ! તને પોતાને નુકશાન થાય એવું તું શા માટે માને છે?

આ તો ભાઈ! ભગવાનના દેશની વાત છે. જેને પરદેશમાંથી નીકળીને સ્વદેશમાં આવવું હોય તેને માટે આ વાત છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના રસકસથી તરબોળ... તરબોળ છે. આખો અસંખ્યપ્રદેશી આત્મા અતીન્દ્રિય આનંદથી તરબોળ છે. તેમાં આનંદ ઠસોઠસ ભરેલો છે. તેમાં બીજું કાંઈ પ્રવેશવાનો અવકાશ નથી. આત્મા ખરેખર આવા અતીન્દ્રિય આનંદનો ભોક્તા છે. પણ એમ ભેદ પાડીને કહેવું એ પણ વ્યવહાર છે.

આત્મા શું ચીજ છે, શું એની મહિમા છે તેનો જીવે કદી અંતરથી વિચાર જ કર્યો નથી. અરે! આત્મા તો એવો છે કે આત્માના પેટમાંથી પરમાત્માનો પ્રસવ થાય છે, આત્મા પરમાત્માનું પ્રસુતિ-ગૃહ છે. અનંતી પરમાત્મ-પર્યાયો આત્માના પેટમાંભરી છે. જ્યાં આત્મા સ્વભાવમાં એકાકાર થાય છે ત્યાં એક પછી એક પરમાત્મ-પર્યાયો પ્રગટ થવા લાગે છે.

પ્રવચનસારની છેલ્લી ગાથામાં આચાર્યદેવ કહે કે છે 'એક આખા શાશ્વત સ્વતત્ત્વને પ્રાપ્ત કરીને આજે જ અવ્યાકુળપણે નાચો.' આજે જ આત્માનો અતિન્દ્રિય આનંદ લ્યો. વળી કહે છે આ શાસ્ત્રની રચના મારાથી થઈ નથી એ તો પુદ્ગલ-શબ્દોની રચના છે માટે આ ટીકા અમૃતચંદ્રસૂરીએ રચી છે એમ ન નાચો. ભાષામાં સ્વ-પરને કહેવાની તાકાત છે અને આત્મામાં સ્વ-પરને જાણવાની તાકાત છે. 'આ ચૈતન્યને ચૈતન્યપણે આજે જ પ્રબળપણે અનુભવો' સારાં કામમાં ડાહ્યો માણસ વાયદા ન કરે. માટે ભગવાન આત્મા કોઈનો કર્તા-હર્તા નથી માત્ર જાણનાર-દેખનાર છે-એવો સ્વીકાર કરીને અત્યારે જ અતીન્દ્રિય આનંદનો અનુભવ કર! વાયદા ન કર!

ભાઈ! અનંતકાળમાં માંડ આ થોડો સમય મળ્યો છે હો! મનુષ્યભવનો કાળ બહુ થોડો છે એ પણ માંડ કરીને મળ્યો છે તેને તું બીજા કાર્યોમાં ગુમાવી દઈશ તો કલ્યાણનો કાળ જતો રહેશે. માટે મિથ્યા માન્યતા છોડીને સ્વાનુભવ કરી લે. કહ્યું છે કે

'અનુભવ રત્નચિંતામણી, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.'

આત્માના સ્વરૂપને અનુસરીને જે દશા થાય છે તે અનુભવ છે. માટે મુમુક્ષુને

ઉચિત છે કે આત્માના સ્વરૂપમાં વારંવાર રમણ કરે, વારંવાર ભાવના ભાવે. ભાવનામાં રહેવું તે ચારિત્ર છે. આત્મા પોતે પોતાથી પોતામાં એક થઈ જાય છે ત્યાં રત્નત્રયની એકયતા થાય છે, આ રત્નત્રય ધર્મ જ નિજઆત્માનો સ્વભાવ છે.

૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલાં અમૃતચંદ્ર આચાર્ય ખરેખર એકલાં અમૃતનું ઘોલન કરવાવાળા હતા. એ આચાર્યદેવ ભરતક્ષેત્રમાં માત્ર ૯૦૦ વર્ષ પહેલાં જ થઈ ગયા. કેવા લાગતાં હશે? જાણે હાલતાં-ચાલતાં સિદ્ધ જોઈ લ્યો. એવા એ અમૃતચંદ્ર આચાર્ય પુરુષાર્થસિદ્ધિમાં લખે છે કે આત્માનો નિશ્ચય થવો તે સમ્યગ્દર્શન, આત્માનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન અને આત્મામાં સ્થિરતા તે ચારિત્ર. આ ત્રણેયથી કર્મબંધન થતું નથી.

અહીં ૮૫ ગાથામાં યોગીન્દુ મુનિરાજ કહે છે કે આત્માનુભવમાં જ બધા ગુણ છે.

જયાં ચેતન ત્યાં સકળ ગુણ, કેવળી એમ વદંત,<br>
તેથી યોગી નિશ્ચયે, શુદ્ધાત્મા જાણંત. ૮૫.

કેવળી ભગવાનની સાક્ષી આપીને મુનિરાજ વાત કરે છે. ભગવાનના જ્ઞાનમાં એક સમયની પર્યાયમાં બધું જણાય જાય છે. જેમ સ્વચ્છ-નિર્મળ પાણીમાં આકાશમાં રહેલાં તારા દેખાય જાય છે, તારાને જોવા ઉપર નજર કરવી પડતી નથી. તેમ ભગવાનને પોતાના આત્માને અવલંબીને પ્રગટ થયેલી પૂર્ણ કેવળજ્ઞાનની એક સમયની પર્યાયમાં ત્રણકાળ-ત્રણલોક જણાય જાય છે, પણ જેમ પાણીમાં તારા આવી જતાં નથી તેમ જ્ઞાનમાં લોકાલોક આવી જતું નથી. લોકાલોક સંબંધીનું પોતાનું જ્ઞાન આવે છે.

કેવળજ્ઞાનની એક પર્યાયમાં આટલી તાકાત છે, એવી અનંત પર્યાયોનો એક ગુણ અને એવા અનંત ગુણોનો પિંડ એક આત્મા છે. તેની મહિમાની શી વાત! લોકોને ધર્મ કરવો છે પણ ધર્મનો કરનારો પોતે કેવો છે અને કેવડો છે તેનું લોકોને ભાન નથી. હે પ્રભુ! ચૈતન્ય સંપદા તારા ધામમાં છે તેને તું સંભાળ એ તારો ધર્મ છે, પણ અરે! આવો મહિમાવંત આત્મા તેની મહિમા આવે નહિ અને લોકોને રાગની ને પુણ્યની ને વૈભવની મહિમા આવે છે.

મુમુક્ષુ :- પ્રભુ! આપ એવી વાત કરો છો ને કે સાંભળતાં ખુશી ખુશી થઈ જવાય છે.
પૂજ્ય ગુરુદેવ :- ભગવાન! તારા ઘરની વાત છે ને ભાઈ! તને એ રુચવી જ જોઈએ. કોઈ કોઈને કાંઈ કરાવી દેતું નથી. ત્રણલોકના નાથ તીર્થંકરદેવ પણ કોઈને આત્માની રુચિ કે દૃષ્ટિ કરાવી શકતા નથી. પોતે જ પોતાની રુચિ, દૃષ્ટિ-જ્ઞાન અને અનુભવ કરવાના છે. મહાવિદેહમાં તો અત્યારે ધોરી ધર્મધુરંધર તીર્થંકરો વિચરે છે તો શું ત્યાં બધાં જીવો સમકિતી હશે? અરે! સાતમી નરકે જવાવાળા જીવો પણ ત્યાં છે, અને મોક્ષે જવાવાળા જીવો પણ ત્યાં છે, એ જ તો જીવની સ્વતંત્રતા બતાવે છે.

અહીં ગાથામાં શું કહે છે કે ભાઈ! તારા બધાં ગુણો તારાં આત્મામાં જ છે. પ્રશંસા કરવા યોગ્ય સારાં સારાં બધાં ગુણો તારાં આત્મામાં જ છે. સંયોગમાં નથી કે એક પર્યાયમાં પણ તારાં બધાં ગુણ આવી જતાં નથી. શ્રદ્ધા, જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પરમેશ્વરતા, કર્તા, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ, ભાવ, અભાવ આદિ અનંતા ગુણો જ્યાં આત્મા છે ત્યાં અસંખ્યપ્રદેશે ઠસોઠસ ભરેલાં છે. એક ભગવાન આત્માને અંતરદૃષ્ટિએ અનુભવતાં તેમાં રહેલાં અનંતા ગુણોનો એકસાથે અનુભવ થઈ જાય છે.

લોકો તકરાર કરે છે કે ચોથા ગુણસ્થાને સ્વરૂપાચરણ ચારિત્ર ન હોય. પણ ભાઈ! સ્વરૂપાચરણ ચારિત્ર ન હોય તો ચારિત્રગુણના અંશ વગર આનંદનો અંશ ન આવે અને તો અનંત આનંદનું ધરનારું દ્રવ્ય દૃષ્ટિમાં–પ્રતીતમાં આવ્યાનું ફળ શું? સમ્યગ્દર્શન કોઈ એવી ચીજ છે કે સર્વગુણોના અંશને પ્રગટ કરીને અનુભવે છે તેથી જ કહ્યું છે 'સર્વગુણાંશ તે સમકિત.' ભગવાનના જ્ઞાનમાં જેટલા ગુણો આવ્યા છે તે બધાંનો અંશે અનુભવ સમકિતીને થાય છે.

આત્માનું ગ્રહણ થતાં તેના સર્વગુણોનું ગ્રહણ થઈ જાય છે. કેરીને ગ્રહણ કરતાં તેના સ્પર્શ–રસાદિ બધાં ગુણોનું ગ્રહણ થઈ જાય છે તેમ આત્માને ગ્રહણ કરતાં તેના બધાં ગુણોનું ગ્રહણ થઈ જાય છે. તેનું નામ સ્વાનુભૂતિ કહો, સમકીત કહો કે ધર્મ કહો બધી એક જ વાત છે. —✻— [ ક્રમશઃ ]

## ✻ અદ્‌ભુત સ્વભાવ ✻

નારકીને એટલું દુઃખ છે કે તેના એક સમયના દુઃખને કરોડો જીભથી કરોડો વર્ષ સુધી કહે તોપણ કહી શકાય નહિ. તેમ જીવના એક એક ગુણને એક એક મિનિટે કે એકએક સમયે કહે તોપણ ત્રણ કાળમાં પૂરેપૂરા કહી શકાય નહિ એટલા અનંત અનંત ગુણો જીવમાં છે, કેમ કે ત્રણ કાળના સમય કરતાં આકાશના પ્રદેશો અનંતા છે અને તેના કરતાં પણ જીવમાં અનંતા ગુણો છે. આહાહા! આવો જીવનો ચમત્કારી સ્વભાવ છે. ત્રણ કાળમાં પણ કહી શકાય નહિ એટલા અનંતા ગુણોને ધરનાર દ્રવ્યની પ્રતીતિ એક સમયની પર્યાય કરે છે, એ પર્યાયની તાકાત કેટલી! એ એક સમયના અવિભાગ પ્રતિચ્છેદ કેટલા! આહાહા! વસ્તુનો સ્વભાવ કેવો છે! આહાહા! એ અનંત ગુણમય દ્રવ્યની શ્રદ્ધા એક સમયની પર્યાય કરે છે, એક સમયની પર્યાયમાં અનંતા ગુણની પર્યાય વેદનમાં આવી જાય છે. આહાહા! આવી વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહિ.—પરમ પૂજ્ય ગુરુદેવ

# * આત્માનું પરમાત્મા સાથે એકીકરણ *

[ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૨૮ )

જગતના જીવોને હિતકારી એવો આ ઇષ્ટ ઉપદેશ ચાલી રહ્યો છે.

ચટાઈનો કરનાર હું, એ બેનો સંયોગ.
સ્વયં ધ્યાન ને ધ્યેય જ્યાં, કેવો ત્યાં સંયોગ? ૨૫.

ધર્મની શરૂઆતથી માંડીને પૂર્ણતા કઈ રીતે થાય તેની વિધિ અહીં પૂજ્યપાદસ્વામીએ બતાવી છે.

પૂજ્યપાદસ્વામી કેવા હતા?—કે મહામુનિ-આત્મજ્ઞાની-આત્માના અનુભવી હતા, અને અલ્પકાળમાં મુક્તિ પામવાને લાયક હતા. અહીંથી આત્મજ્ઞાન લઈને સ્વર્ગમાં ગયા છે, પછી એકાદ ભવ ધારણ કરીને મોક્ષમાં જશે. આવા આ મુનિરાજે ઇષ્ટ નામ પ્રિય-હિતકારી ઉપદેશ આપ્યો છે કે નિજ શુદ્ધસ્વરૂપમાં પર્યાયનું એકીકરણ કરવું તેનું નામ સમ્યગ્દર્શન-મુક્તિનું કારણ છે માટે હિતકારી છે.

આત્માનું પરમાત્મા સાથે એકીકરણ થાય છે ત્યારે આત્મા ચિન્માત્ર થઈ જાય છે. અખંડ પવિત્ર આત્મામાં દૃષ્ટિ-જ્ઞાન-સ્થિરતાથી એકાકાર થાય તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.

પુસ્તક સામે રાખ્યું છે? પુસ્તક સામે હોય તો કયા શબ્દનો શું અર્થ થાય છે એ ખ્યાલમાં આવે. માટે પુસ્તક સામે રાખવું જોઈએ.

હવે અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે જ્યારે પર્યાય સ્વભાવમાં એકાકાર થઈ ગઈ હોય ત્યારે આત્માને કર્મની સાથે કાંઈ સંબંધ જ નથી તો તેને કર્મથી છૂટયો એમ કેમ કહ્યું?

પૂજ્યપાદસ્વામી વીતરાગી વકીલાત કરી રહ્યાં છે. આ શાસ્ત્ર તો જૈનનું ઉપનિષદ્ છે. પૂજ્યપાદસ્વામીએ ગાગરમાં સાગર ભરી દીધો છે—ટૂંકામાં ઘણું સમાવી દીધું છે. વેદાંતમાં ઉપનિષદ્ છે તે યથાર્થ નથી. આ તો યથાર્થ, સર્વજ્ઞની કહેલી વાત પૂજ્યપાદસ્વામીએ અંતરદૃષ્ટિપૂર્વક લખી છે.

જ્યારે અજ્ઞાની જીવ શુભાશુભભાવને પોતાના માનવારૂપ મિથ્યા અભિપ્રાય કરે છે ત્યારે તેને દર્શનમોહકર્મના ઉદયનું નિમિત્ત હોય પણ જ્યારે જ્ઞાની સ્વભાવમાં એકાકાર થઈ જાય છે ત્યારે તેને કર્મનું નિમિત્ત જ નથી. છતાં દર્શનમોહકર્મના

નાશનું નિમિત્ત કહેવું તે વ્યવહાર છે. એ જ રીતે સ્વાનુભૂતિની વાત લ્યો તો જ્યારે પોતાની પર્યાયમાં સ્વભાવનું સ્વસંવેદન નથી ત્યારે તો સ્વાનુભૂતિ–આવરણરૂપ કર્મોનું નિમિત્ત છે પણ જ્યારે સ્વભાવના એકીકરણથી સ્વાનુભૂતિ પર્યાયમાં પ્રગટી છે ત્યારે કર્મોનું નિમિત્ત નથી. અતીન્દ્રિય આનંદની શાંતિ થવી તેનું નામ ચારિત્ર છે. આ ચારિત્રના કાળમાં આત્માનું પરમાત્મા સાથે એકીકરણ થયું છે, આત્મા ચિન્માત્ર થયો છે એટલે કે રાગ-દ્વેષ રહિત થયો છે. એ વખતે ચારિત્રમોહકર્મનો ઉદય જ નથી તો તેનું નિમિત્ત ક્યાંથી કહેવાય?

એક સમયની દશા કે જે અનંતા જન્મ–મરણનો નાશ કરે એવી દશાને ધર્મ કહેવાય. આ ધર્મનું શું સ્વરૂપ છે અને તે કેમ પ્રગટ થાય તેનો અહીં ઈષ્ટ ઉપદેશ છે. પોતાની પર્યાયમાં સ્વાનુભૂતિનો અભાવ હોય તો ચારિત્રમોહકર્મને નિમિત્ત કહેવાય પણ ચારિત્રમોહકર્મનો ઉદય હતો માટે સ્વાનુભૂતિની દશા પ્રગટ ન થઈ એમ કોઈ કહે તો એ અનિષ્ટ ઉપદેશ છે, ઈષ્ટ ઉપદેશ નથી. સ્વભાવમાં એકાકાર થતા નિમિત્તનો સંબંધ ઉડી જાય છે.

કર્મનો ઉદય આત્માને કાંઈ લાભ–નુકશાન કરે છે એવી માન્યતા તે મૂઢતા છે. રાગની મંદતા પણ કાંઈ લાભ કરી દે છે એમ માનવું તે અજ્ઞાન છે. રાગની મંદતા તો નિમિત્તમાત્ર છે. લાભ તો પોતાના સ્વભાવમાં એકાકાર થવાથી થાય છે પણ ત્યારે તો કર્મનો ઉદય કે રાગની મંદતા તરફ લક્ષ પણ નથી તો તેને લાભ–નુકશાનનું કારણ ક્યાંથી કહેવાય?

વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ ન માનવું અને તેમ ન પરિણમવું તે મિથ્યાદૃષ્ટિનું આચરણ છે.

પૂજ્યપાદસ્વામીએ ઈષ્ટ ઉપદેશની રચના કરી અને પંડિત આશાધરજી એ તેની ટીકા રચી છે. ગાથામાં જે ભાવ ભર્યા છે તેને ખોલવા તેનું નામ ટીકા કહેવાય.

આગળ ગાથામાં કહ્યું હતું કે 'ध्यानम् ध्येयम् यत् आत्मेव' ધ્યાન, ધ્યેય અને ધ્યાતા ત્રણેયરૂપે એક આત્મા જ છે. પોતે જ ધ્યેય, પોતે જ ધ્યાતા અને પોતે જ ધ્યાન આમ ત્રણેયમાં આત્મા જ વ્યાપેલો છે. ત્યારે રાગનું કે કર્મનું ધ્યાન રહેતું નથી.

આહાહા...! વીતરાગનો માર્ગ કોઈ અલૌકિક છે. લોકો માની બેઠા છે એવું ધર્મનું સ્વરૂપ નથી. આ તો સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ છે. મહાવિદેહમાં વર્તમાનમાં સાક્ષાત્ ભગવાન બિરાજે છે. કેવળી ભગવંતો, ગણધરો, મુનિઓ પણ બિરાજે છે. તેમના મુખેથી નીકળેલી આ વાણી છે. ત્રણકાળના તીર્થંકરોની વાણી એકસરખી જ હોય છે. કેમ કે વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું જ ભગવાન બતાવી રહ્યા છે, તેથી વાણીમાં એકરૂપતા જ હોય ને! શ્રીમદ્ લખે છે ને કે 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ' પરમાર્થનો પંથ એક જ હોય, બે–ચાર પંથ ન હોય.

અહીં કહે છે હે કે ભાઈ! તારાં કોઈપણ ગુણની નિર્મળ પર્યાય સ્વભાવના એકીકરણથી જ પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ સ્વભાવના એકીકરણથી જ પ્રગટ થાય છે. દેવ-ગુરુ શાસ્ત્રની શ્રદ્ધાથી સમ્યગ્દર્શન થતું નથી, શાસ્ત્રજ્ઞાનથી સમ્યગ્જ્ઞાન થતું નથી. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા તો રાગ છે, પુણ્ય છે, વિકલ્પ છે, તેના લક્ષે સમ્યગ્દર્શન ક્યાંથી થાય? રાગનો પુરુષાર્થ કરવો તે તો ઉલટો પુરુષાર્થ છે-દોષિત છે. તેનાથી ચારિત્ર પ્રગટ ન થાય. ચારિત્ર તો નિજસ્વભાવના પુરુષાર્થથી પ્રગટ થાય, નિજવીર્યથી થાય.

વીર્ય કોને કહેવાય પ્રભુ? પ્રભુ કહે છે કે સ્વભાવની રચના કરે તે વીર્ય છે ભાઈ! નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશાની રચના કરે તેનું નામ વીર્યગુણ કહેવાય. ભગવાન સર્વજ્ઞદેવ જેમ કહે છે તેમ ભગવાન કુંદકુંદ આચાર્યદેવ કહે છે અને તેમ જ અમૃતચંદ્ર આચાર્યદેવ કહે છે કે હે જીવો! જે આત્મવીર્ય પોતાના શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન અને અરાગી વીતરાગી ચારિત્ર આદિ શુદ્ધ આનંદની પર્યાયની રચના કરે તેનું નામ ભગવાન વીર્ય કહે છે. અહીં તો આ ચોખ્ખી વાત છે. ગડબડ અહીં ન ચાલે. અમૃતચંદ્ર આચાર્યમહારાજે ૪૭ શક્તિમાં આત્માના ગુણોની વ્યાખ્યા લખી છે, તેમાં ચોખ્ખા સંસ્કૃત શબ્દોમાં લખેલું છે કે—"स्वरुप निर्वर्तन सामर्थ्यरूपा वीर्यशक्ति"—વીર્ય એટલે પુરુષાર્થ નામના ગુણનો ભાવ શું કે--"સમ્યગ્દર્શન આદિ નિર્મળ પર્યાયોની રચના કરવી તે." અહીં પૂજ્યપાદસ્વામી પણ એ જ કહે છે કે સ્વભાવમાં એકીકરણ કરવું, નિર્મળ પર્યાય પ્રગટ કરવી તે વીર્યગુણનું કાર્ય છે.

વ્યવહારનો પુરુષાર્થ તે ખરેખર વીર્યગુણનો પુરુષાર્થ જ નથી. રાગની અહંતા કરવી તે વીર્યગુણનું કાર્ય નથી.

કેટલાક લોકો કહે છે આ તો મહારાજ બધી ઘરની વાત કરે છે. અરે ભાઈ! તને ખબર નથી. આ અમારાં ઘરની વાત તો છે પણ કલ્પનાની નથી. સર્વજ્ઞ પરમાત્મા મુનિરાજ અને શાસ્ત્રની કહેલી વાતો છે.

જ્યારે આત્મા પોતાના સ્વભાવ સાથે દૃષ્ટિ-જ્ઞાન-સ્થિરતાનું જોડાણ કરે છે ત્યારે સ્વભાવનું એકીકરણ થાય છે, એ એકીકરણને અહીં અધ્યાત્મયોગ કહ્યો છે. તો અહીં શિષ્ય પ્રશ્ન મૂકે છે કે અધ્યાત્મયોગ તો અદ્વૈતધ્યાનથી થયું છે, એટલે કે એક આત્માના લક્ષથી-ધ્યેયથી જ અધ્યાત્મયોગ પ્રગટ થયો છે. કર્મ કે રાગનું તો તેમાં લક્ષ પણ નથી તેથી તે અવસ્થામાં કર્મ કે રાગ તો ઉત્પન્ન જ થતાં નથી તો તેનો નાશ થાય છે-અધ્યાત્મયોગકાળે કર્મોની નિર્જરા થાય છે એમ કેવી રીતે કહી શકાય? રાગ હતો જ નહિ તો રાગનો સંબંધ છૂટ્યો એમ કેવી રીતે કહી શકાય?

આહાહા...! બહુ ઊંચી વાત! આ ઈષ્ટ ઉપદેશ!! આનાથી વિપરીત કોઈ ઉપદેશ

કરે તે સર્વજ્ઞનો ઉપદેશ નથી, ઈષ્ટ ઉપદેશ નથી, વીતરાગમાર્ગનું એ કથન નથી.

દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો રાગ, વ્યવહાર આદિનો સંબંધ હતો, તે છૂટીને સ્વભાવદૃષ્ટિ કરતાં સ્વભાવનું એકીકરણ-અધ્યાત્મયોગ પ્રગટ થયો તેથી કાંઈ પહેલાં રાગ હતો તેનાથી અધ્યાત્મયોગ પ્રગટ્યો એમ નથી. રાગ અને કર્મનો તો સંબંધ છૂટ્યો ત્યારે તો સ્વભાવદશા પ્રગટી. ઉપાદાન જાગે છે ત્યાં નિમિત્તનું લક્ષ છૂટી જાય છે. કોઈ અલૌકિક નિરપેક્ષ માર્ગ છે. વ્યવહારની સાપેક્ષતા છે એ જાણવા માટે છે. આદરવા માટે નથી. પરના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટે એમ ત્રણકાળ ત્રણલોકમાં કદી બની શકતું નથી. આવું અનંત સર્વજ્ઞપરમેશ્વરનું ફરમાન તેમની દિવ્યધ્વનિમાં આવ્યું છે.

અહીં પ્રશ્ન છે કે ભગવાનને નવાં કર્મ તરફ લક્ષ નથી, ભગવાનને નવા કર્મ બંધાતા નથી તો ઘાતીકર્મોનો નાશ ક્યાંથી થાય છે? તો કહે છે કે ભગવાન વર્તમાનમાં કર્મ બાંધતા નથી પણ પૂર્વે બાંધેલાં કર્મોની નિર્જરા થાય છે, એ જ રીતે જ્ઞાની કે મુનિને અધ્યાત્મયોગ કાળે કર્મ સાથે કાંઈ સંબંધ નથી, તેના તરફ લક્ષ નથી, છતાં કર્મ છૂટે છે, નિર્જરી જાય છે એમ કહ્યું છે તે જૂના કર્મની અપેક્ષાએ વાત છે. અધ્યાત્મયોગકાળે જૂના કર્મોની નિર્જરા થાય છે અને નવા કર્મ બંધાતા નથી.

'ચટાઈનો કરનાર હું' આમાં બે વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ જ્યાં સ્વયં ધ્યાન અને ધ્યેય પણ સ્વયં છે ત્યાં બે વચ્ચેનો સંબંધ નથી. એક જ વસ્તુ છે. માટે ધ્યાનમાં કર્મ સાથ સંબંધ જ નથી.

હવે ૨૬ મો શ્લોક શરૂ થાય છે.

પૂજ્યપાદસ્વામી શિષ્યના મુખમાં પ્રશ્ન મૂકીને શ્લોકની સંધિ કરે છે. શિષ્ય કહે છે કે આત્મદ્રવ્ય અને કર્મ-પુદ્‌ગલ દ્રવ્ય બંને ભિન્ન છે અને અધ્યાત્મયોગના બળથી તે બંનેનો સંબંધ થતો નથી એટલે કે આત્માના આનંદસ્વરૂપની દૃષ્ટિ-જ્ઞાન અને અનુભવથી જ્યાં નિમિત્તનો સંબંધ જ ન રહ્યો તો કર્મોનો બંધ પણ ન રહ્યો તો પછી બંધના અભાવસ્વરૂપ મોક્ષ પણ ક્યાંથી થાય? બંધ હોય તો બંધનો અભાવ થાય ને! તેથી આ રીતે તો બંધ અને મોક્ષ સિદ્ધ થતાં નથી. જ્યારે યોગીઓ તો હંમેશા મોક્ષની પ્રાર્થના કરે છે-ભાવના કરે છે.

મોક્ષ તો અવિચ્છિન્ન અને અવિનાશી પરમ આનંદ અને પરમસુખનું કારણ હોવાથી સમ્યગ્દૃષ્ટિથી માંડીને સર્વ યોગીઓ તેની પ્રાર્થના કરે છે-ભાવના કરે છે. ધર્મીજીવ અંતર એકાગ્રતા પૂર્વક એક અતીન્દ્રિય સુખસ્વરૂપ મોક્ષની જ ભાવના ભાવે છે. બીજી કોઈ ચીજની તેમને ભાવના હોતી નથી. એક પૂર્ણ આનંદની પ્રાપ્તિનો જ ધર્મી જીવો પ્રયત્ન કરી રહ્યા છે. તો બંધ હોય તો જ તેનો અભાવ થતાં મોક્ષ હોય અને તો જ તેની યોગીઓ ભાવના કરે. માટે, બંધ અને મોક્ષ

ી રીતે છે તે સિદ્ધ કરો.

તેના ઉત્તરસ્વરૂપ ગુરુ ૨૬ મો શ્લોક કહે છે :—

મોહી બાંધે કર્મને, નિર્મમ જીવ મુકાય,
તેથી સઘળાં યત્નથી, નિર્મમ ભાવ જગાય. ૨૬.

આ તો પંચમઆરાના મુનિએ ઇષ્ટઉપદેશ રચ્યો છે પણ ત્રણ કાળના મુનિઓ ને તીર્થંકરોનો આ જ ઈષ્ટ ઉપદેશ હોય છે. કાળ ગમે તે હો પણ હિતનો માર્ગ એક જ હોય.

શ્લોકમાં મુનિરાજ આદેશ કરે છે કે મમતાયુક્ત જીવ જ બંધાય છે. નિર્મમ વ બંધાતો નથી માટે દરેકે નિર્મમતા પ્રગટ કરવાનું લક્ષ રાખવું.

અનાદિથી જીવને મિથ્યાઅભિપ્રાયથી કર્મોનું બંધન થાય છે. પોતાના સ્વભાવમાં કાગ્રતા કરવાથી જ લાભ છે. એવો અભિપ્રાય છોડીને નિમિત્તના સંબંધથી, રાગના બંધથી, પુણ્યના સંબંધથી મને ધર્મનો લાભ થશે એવા અભિપ્રાયને મિથ્યા ભિનિવેશ કહે છે કે જેનાથી જીવ કર્મથી બંધાય છે.

ભગવાન આત્મા એકલો ચૈતન્ય જ્ઞાનસૂર્ય સ્વભાવી છે તેમાં મારાપણું ન કરતાં થ્યાદૃષ્ટિ શરીર, વિકલ્પ અને રાગાદિમાં મારાપણું કરે છે તેને ભગવાન મિથ્યા ભિપ્રાય કહે છે. જેના અભિપ્રાયમાં આવું મિથ્યાત્વ પડયું છે તે જીવને કર્મોનો ધ થાય છે જ્ઞાયકસ્વભાવ તે હું એમ નહિ માનતા પોતાનો આરોપ રાગની મંદતા દિ વિકલ્પમાં કરે છે તે બંધાય છે અને તેનાથી છૂટી જે પોતાના જ્ઞાયકસ્વભાવને ીકારીને તેમાં લીન થાય છે તે બંધનથી મુક્ત થઈ મોક્ષમાં જાય છે. (ક્રમશઃ)

—*—

* સંસારનું એક સમય પણ વિસ્મરણ થયું નથી, (જો) એક સમય પણ વિસ્મરણ થાય તો એના હિતની શરૂઆત થાય. જેની સત્તાનો કદી વિરહ નથી, જેની સત્તાની કદી અપૂર્ણતા થઈ નથી, જેની સત્તા કોઇથી દબાઈ નથી એવી જે ત્રિકાળ નિરાવરણ વસ્તુ છે તેની નજરબંધી થવી જોઈએ— દ્રવ્ય ઉપર દૃષ્ટિની નજરબંધી થવી જોઈએ. મારે મારા સિવાય બીજા કોઈનો આશ્રય નથી—એમ ધ્રુવ ઉપર નજરબંધી થઈ જવી જોઈએ.

—પરમ પૂજ્ય ગુરુદેવ

# * વિવિધ ભેદોરૂપ જીવનું સ્વરૂપ *

[ શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

આ નિયમસાર છે. નિયમ એટલે મોક્ષમાર્ગ, તેને 'સાર' શબ્દ લગાડયો એટ[લે] શુદ્ધ નિશ્ચયરત્નત્રયરૂપ મોક્ષમાર્ગ તે નિયમસાર છે. તેમાં નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાનની સા[થે] આપ્ત, આગમ અને તત્ત્વની શ્રદ્ધા તે વ્યવહાર સમ્યક્ત્વ છે. તેમાંથી અહીં તત્ત્વો[નું] વર્ણન ચાલે છે. વ્યવહાર સમ્યક્ત્વના વર્ણનમાં ભેગું નિશ્ચય સમ્યગ્દર્શનનું સ્વરૂ[પ] પણ આવી જાય છે. સર્વજ્ઞ ભગવાન અઢાર દોષરહિત છે, તેમની વાણી વીતરાગી છે[,] તે વાણીમાં જીવાદિ તત્ત્વો કહ્યાં છે. તેમાં આ જીવનું વર્ણન ચાલે છે.

જીવદ્રવ્ય, પુદ્‍ગલ, કાળ તેમ જ આભ, ધર્મ અધર્મ—એ
ભાખ્યા જિને તત્ત્વાર્થ, ગુણપર્યાય વિધવિધ યુક્ત જે. ૯.

જીવ કેવો છે?

૧. સંગ્રહનયથી બધા સંસારીને લઈને એમ કહ્યું કે દસ પ્રાણોથી જે જી[વે] છે, જીવ્યો છે ને જીવશે તે જીવ છે. આમાં સિદ્ધ ન આવે. સંસારદશામાં આત્મા[ને] ઇન્દ્રિય-મન-શરીરાદિનો સંયોગ હોય છે, તેનાથી આત્મા જીવે છે એમ સંગ્રહનય[નું] કથન છે. દસ પ્રાણો તો જડ છે, પણ જીવ તેના સંયોગમાં રહેલો છે. તેથી દ[સ] પ્રાણ વડે જીવે તે જીવ એમ ઉપચારથી કહેવાય છે. આ સંસારી જીવો છે.

૨. નિશ્ચયથી ભાવપ્રાણને ધારણ કરવાને લીધે જીવ છે. આ વાત બધા જીવો[ને] લાગુ પડે છે. ખરેખર આત્મા જડપ્રાણોને ધારણ કરતો નથી. આત્મા તો અમૂર્તિ[ક] ચૈતન્ય છે, ને શરીરાદિ જડ મૂર્તિક છે, તેનાથી આત્મા ભિન્ન છે. આત્મા તો પોતા[ના] ભાવપ્રાણને ધારણ કરે છે, આત્મા અરૂપી ચૈતન્ય સત્તાને ધારણ કરીને જીવે [છે] તેથી જીવ છે. પહેલાં આવા જીવનું જ્ઞાન કરવું જોઈએ.

ધર્મ એટલે શું!—કે પર્યાયમાં અધર્મભાવ છે તે ટાળીને નિર્મળદશા પ્ર[ગટ] કરવી તેનું નામ ધર્મ છે. તે ધર્મ કેમ થાય?—કે શરીરાદિ તે હું એમ માન્યું [છે] તે અધર્મ છે, ને તે દેહાદિથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ ભાવપ્રાણવાળો આત્મા છે એ[મ] ઓળખવું તે પ્રથમ ધર્મ છે.

નિશ્ચયથી જ્ઞાનદર્શનમયભાવ તે જ આત્માના પ્રાણ છે. આત્મા પોતાના ભાવ[થી] ટકે, કાંઈ પરના ભાવથી ખરેખર ન ટકે. ઇન્દ્રિય વગેરે સંયોગી ચીજ છે, તેનો વિયો[ગ]

જાય છે, પણ આત્માના ચૈતન્યપ્રાણનો વિયોગ કદી થતો નથી.—આમ જાણ્યા વિના પરીત માન્યતા ટળે નહિ ને સમ્યગ્જ્ઞાન થાય નહિ-એટલે ધર્મ થાય નહિ.

વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવા સ્વરૂપમાં જ્ઞાનને લઈ જવું તેનું નામ ન્યાય ટલે કે સમ્યગ્યજ્ઞાન છે. સર્વજ્ઞદેવે જગતમાં છ દ્રવ્યો જોયાં છે, તેમાંથી આ જીવ વનું વર્ણન ચાલે છે.

(૧) જીવ દસ પ્રાણવડે જીવે છે એમ કહેવું તે સંગ્રહનય છે.

(૨) નિશ્ચયથી ચૈતન્યરૂપ ભાવપ્રાણથી જીવે છે.

(૩) વ્યવહારથી દ્રવ્યપ્રાણો વડે જીવે છે. દ્રવ્યપ્રાણો તો જડ છે. તેનાથી આત્મા જીવે છે એમ કહેવું તે ઉપચાર છે.

(૪) શુદ્ધ-સદ્ભુત વ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોનો આધાર હોવાને લીધે 'કાર્યશુદ્ધ જીવ' છે.

જેને કેવળજ્ઞાનાદિ શુદ્ધ કાર્ય પ્રગટી ગયું છે તેને કાર્યશુદ્ધ જીવ કહે છે. અશરીરી માનંદમય દશા જેમણે પ્રગટ કરી એવા સિદ્ધભગવંતો કાર્યશુદ્ધ જીવ છે. અશરીરી દ્ધપણું તે અનાદિ અનંત ચીજ નથી, પણ નવું પ્રગટે છે. એટલે કે કાર્ય છે. આત્મા નાદિ અનંત છે, પણ તેની સિદ્ધ દશા તો નવી પ્રગટે છે, તેથી તે વ્યવહાર છે. પહેલાં દશા નહતી ને નવી પ્રગટી એવા ભેદ પડે છે માટે તે વ્યવહાર છે, તે શુદ્ધ દશા માટે તેને શુદ્ધ કહી, ને તે પોતાની પર્યાયનો ભાવ છે માટે તેને સદ્ભુત કહ્યો. ાર્યશુદ્ધ જીવ' છે. 'કાર્યશુદ્ધ જીવ' અનાદિ અનંત નથી પણ નવી દશા પ્રગટી છે, ી તે શુદ્ધ સદ્ભુત વ્યવહારનયનો વિષય છે.

અહીં કાર્યશુદ્ધ જીવને શુદ્ધસદ્ભુત વ્યવહાર કેમ કહ્યો? કેમ કે તે સાદિ અનંત ય છે, તે ત્રિકાળ નથી, માટે તેને વ્યવહાર કહ્યો છે, પણ 'કારણ શુદ્ધ જીવ' ને 'કાર્યશુદ્ધ જીવ' એવા બે ભેદ પડ્યા તેથી તેને વ્યવહાર કહ્યો છે-એમ અહીં ન જવું. 'કારણશુદ્ધ જીવ' તો નિશ્ચયનયનો જ વિષય છે, ને જે કાર્ય પ્રગટ્યું તે ું પ્રગટ્યું છે માટે કાર્યશુદ્ધ જીવને વ્યવહાર કહ્યો છે.

કાર્યશુદ્ધ જીવ એટલે સિદ્ધ ભગવાન. એ કાર્ય પહેલાં ન હતું ને નવું પ્રગટ્યું તે કાર્ય આત્માના શુદ્ધ સ્વભાવના અવલંબને પ્રગટ્યું છે. આવા જીવને ઓળખ્યા ર અનાદિથી શરીરાદિને પોતાનું માનીને જીવ સંસારમાં રખડ્યા કરે છે; તેથી તે રીરાદિ દસ પ્રાણોથી જીવે છે એમ ઉપચારથી કહેવાય છે.

અહીં કેવળજ્ઞાનાદિને શુદ્ધ ગુણ કહ્યા છે, ખરેખર તો કેવળજ્ઞાન તે પર્યાય છે પણ નિર્મળ પર્યાય થઈને ગુણમાં અભેદ થઈ છે તેથી તેને શુદ્ધ ગુણ કહ્યા છે. આવા દ્ધ ગુણ જેને પ્રગટ્યા છે તે જીવને કાર્યશુદ્ધ જીવ કહે છે.

આ તો સાધ્યદશાવાળા જીવની વાત કરી.

હવે સાધકદશાવાળા જીવની વાત કરે છે.

" અશુદ્ધ-સદ્‌ભૂત-વ્યવહારથી મતિજ્ઞાનાદિ વિભાવગુણોનો આધાર હોવાને 'અશુદ્ધ જીવ' છે."

જેને આત્માનું ભાન થયું છે પણ હજી કેવળજ્ઞાન થયું નથી ને મતિ-શ્રુત વર્તે છે, તેના મતિ-શ્રુતજ્ઞાનને પણ અહીં વિભાવગુણ કહ્યા છે. અહીં અર્થ પર્યા ગુણ કહેવામાં આવે છે. સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાન પણ હજી પૂરાં નથી તે અપેક્ષાએ અશુદ્ધ કહ્યાં છે, ને તે પોતાની પર્યાયનો ભાવ છે માટે સદ્‌ભૂત છે. ભેદ છે માટે વ્યવ છે, એ રીતે અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહારનયથી આત્મા મતિજ્ઞાનાદિ વિભાવગુ આધાર હોવાથી તે અશુદ્ધ જીવ છે. આત્માના ભાનસહિત અવધિ મનઃપર્યયજ્ઞાન પ્ર તે પણ વિભાવગુણ છે; એવા વિભાવગુણને જે ધારણ કરે છે તે જીવને અશુદ્ધ કહ્યો છે. આ સાધક જીવની વાત છે. અહીં સાધકજીવને 'અશુદ્ધ જીવ' કહ્યો અશુદ્ધ તો ખરેખર પર્યાય છે, પણ તે પર્યાય જીવની છે, માટે જીવને પણ 'અ જીવ' કહ્યો છે. અજ્ઞાની જીવ પણ 'અશુદ્ધ જીવ'માં આવી જાય છે.

શુદ્ધ ચૈતન્યસ્વભાવનું ભાન છે, તેના આશ્રયે જેટલી શુદ્ધતા પ્રગટી છે તેટલો મોક્ષમાર્ગ છે, જેટલો વિભાવ છે તે મોક્ષમાર્ગ નથી. હજી જ્ઞાનાદિ અધૂરાં છે વિભાવ છે; એવાં વિભાવજ્ઞાન જેને વર્તે છે, તેવા જીવને અહીં અશુદ્ધ જીવ કહે જેને પૂરું કાર્ય પ્રગટી ગયું તે કાર્યશુદ્ધ જીવ છે. અવસ્થામાં વિભાવ છે, પણ ધ્ર ત્રિકાળ સ્વભાવના ભાનસહિત વિભાવદશાનું જ્ઞાન છે, તેવા સાધકને પણ અ અશુદ્ધ જીવ કહેલ છે.

" શુદ્ધનિશ્ચયથી સહજજ્ઞાનાદિ પરમસ્વભાવગુણોનો આધાર હોવાને 'કારણશુદ્ધ જીવ' છે."

પહેલાં એકલો "નિશ્ચય" કહ્યો હતો. અહીં શુદ્ધનિશ્ચય કહ્યો છે.

શરીરાદિ જડ છે, પુણ્ય-પાપ વિકાર છે, એક સમયની અવસ્થા પણ ક્ષણિક તે બધાથી પાર જે ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધ સ્વભાવ છે તેને અહીં કારણ જીવ કહે છે. આવા જીવની શ્રદ્ધા કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે. કારણશુદ્ધ તે જ કેવળજ્ઞાન વગેરે કાર્ય પ્રગટવાનો આધાર છે. આ કારણશુદ્ધ જીવ તો અન અનંત એકરૂપ છે, તે શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ, તેમ જ મોક્ષદશા તે કોના આધારે પ્રગટે છે? કે—પરમસ્વભાવગુણો આધાર એવો જે શુદ્ધકારણ જીવ છે તેના જ આધારે સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાનાદિ પ્રગટે

જેમ ભડકો થવાની તાકાત દીવાસળીના લાકડામાં નથી પણ ટોપકામાં છે, તે

કેવળજ્ઞાન જ્યોત પ્રગટવાની તાકાત શરીરાદિમાં કે પુણ્ય-પાપમાં નથી, પણ ધ્રુવચૈતન્ય બિંબ કારણપરમાત્મા શુદ્ધ જીવ છે તેમાં જ અનંત કેવળજ્ઞાનની પર્યાયો પ્રગટવાની શક્તિ છે. તેની પ્રતીત કરવી તે સમ્યગ્દર્શન છે. આત્મામાં શુદ્ધકાર્ય પ્રગટવાનું કારણ ધ્રુવ ચિદાનંદ શકિત છે તે કારણશુદ્ધ જીવ છે. તેની પ્રતીત વિના કદી ધર્મ થતો નથી. પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે; એટલે કે શક્તિમાં તાકાત ભરી છે તેમાંથી પ્રગટે છે. શક્તિરૂપે ત્રિકાળ પૂર્ણસ્વભાવ છે તે કારણશુદ્ધ જીવ છે, તેનાં શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતાના બળે જેને કેવળજ્ઞાનાદિ પ્રગટે તે કાર્યશુદ્ધ જીવ છે, ને તે કારણશુદ્ધ જીવનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને જેને હજી સાધકદશા વર્તે છે પણ હજી પૂરી દશા થઈ નથી તેને અશુદ્ધ જીવ કહ્યો છે. જડ પ્રાણોથી જીવે તે જીવ એમ કહેવું તે તો ઉપચાર છે.

શુદ્ધ નિશ્ચયથી આત્મા ત્રિકાળ એકરૂપ સહજ સ્વાભાવિક ગુણોનો આધાર છે. એવો આત્મા તે કારણશુદ્ધ જીવ છે. અધૂરી દશાને પૂરીદશા એવા ભેદ કારણશુદ્ધ જીવમાં નથી, તે તો ત્રિકાળ એકરૂપ છે.

અહીં કેવળજ્ઞાનાદિ પર્યાયને શુદ્ધ ગુણ કહ્યાં તેમ જ મતિજ્ઞાનાદિ પર્યાયને વિભાવગુણ કહ્યા; તે જ રીતે અહીં 'પરમસ્વભાવગુણ' એમ કહ્યું તે પણ સહજ પર્યાયને માટે કહ્યું હોય એવો ધ્વનિ લાગે છે.

કારણશુદ્ધ જીવ ત્રિકાળ છે, તેના આધારે જે કેવળજ્ઞાનદશા પ્રગટી તે કાર્યશુદ્ધ જીવ છે, અને જેને હજી તેવી પૂરી દશા નથી પ્રગટી, કારણશુદ્ધ જીવની પ્રતીત કરી છે પણ હજી મતિજ્ઞાનાદિ વિભાવદશા વર્તે છે તેને અશુદ્ધ જીવ કહેવાય છે. આ ત્રણ પ્રકારમાં જે કારણશુદ્ધ જીવ છે તેની પ્રતીત કરવી તે નિશ્ચય સમ્યગ્દર્શન છે.

સિદ્ધ પર્યાય પ્રગટી તે કાર્ય છે, તે કાર્ય ક્યાંથી પ્રગટ્યું?—કે દરેક આત્મા સહજ સ્વભાવશક્તિનો ભંડાર 'કારણશુદ્ધ જીવ' છે, તે જ અનંતી સિદ્ધ પર્યાયો પ્રગટવાનું કારણ છે, ને તેનાં શ્રદ્ધા-જ્ઞાન રમણતા તે મોક્ષમાર્ગ છે.

જીવને છ બોલથી ઓળખાવ્યો છે:—

(૧) સંયોગી દસ પ્રાણોથી ટક્યો છે તે જીવ-એમ કહેવું તે ઉપચાર છે.

(૨) નિશ્ચયથી પરથી ટક્યો નથી પણ પોતાના ચૈતન્યપ્રાણથી ટક્યો છે, તેથી જીવ છે.

(૩) દ્રવ્યપ્રાણોથી ટક્યો છે તે જીવ છે-એ સંયોગનું કથન છે માટે વ્યવહાર છે.

(૪) કેવળજ્ઞાનરૂપ વર્તમાન શુદ્ધકાર્ય પ્રગટ્યું તેનો આધાર જીવ છે માટે કાર્યશુદ્ધ જીવ છે.

(૫) કારણશુદ્ધ જીવ ત્રિકાળ શક્તિરૂપ છે તેનાં શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ્યાં છે ને હજી સાધકદશા વર્તે છે તેવા જીવને અહીં અશુદ્ધજીવ કહ્યો છે. શુદ્ધ કારણજીવની પ્રતીત થઈ છે પણ હજી તેવી પૂર્ણ શુદ્ધદશા પ્રગટી નથી પણ અધૂરી દશા છે;

આ અધૂરી પર્યાય ઉપાદેય નથી, માટે તેને અશુદ્ધ જીવમાં ગણેલ છે.

(૬) તે કાર્ય પ્રગટવાનું કારણ જે ત્રિકાળ શુદ્ધ સહજ જ્ઞાનાદિ પરમસ્વભાવગુણોને આધાર છે તે 'કારણશુદ્ધ જીવ' છે.

—એમ છ પ્રકારે જીવનું વર્ણન કર્યું.

આ જીવ તે ચેતન છે, તેના ગુણો ચેતન છે. અહીં ગુણો કહેતાં અપૂર્ણ પૂર્ણ અર્થપર્યાયો લેવા.

આ જીવ અમૂર્ત છે ને તેના ગુણો અમૂર્ત છે. શરીર તો જડ અને મૂર્ત છે, તે અમૂર્ત આત્માથી ભિન્ન છે. આત્માની કોઈ પર્યાયમાં સ્પર્શ-રસ-ગંધ-વર્ણ છે જ નહિ તે રૂપ વગેરે ગુણો તો મૂર્ત છે, જડ છે. આત્મા ચેતન છે ને અમૂર્ત છે. આત્માના જ્ઞાનાદિ પર્યાયો અમૂર્ત છે, માટે કહ્યું કે આત્માના અમૂર્ત ગુણો છે, ને પર્યાયો પણ તેવા જ છે એટલે કે વ્યંજન પર્યાય પણ અમૂર્ત છે.

"આ શુદ્ધ છે. આના શુદ્ધ ગુણો છે"

કાર્યશુદ્ધ જીવ અને કારણશુદ્ધ જીવ તે 'શુદ્ધ' છે ને તેના શુદ્ધગુણો છે. અહીં 'ગુણ' એટલે અર્થ પર્યાય-એમ સમજવું. આત્માની પર્યાયમાં બે પ્રકાર છે:— અર્થપર્યાય એટલે કે જ્ઞાનાદિગુણોની પર્યાય; અને વ્યંજન પર્યાય એટલે પ્રદેશત્વગુણની પર્યાય, તેમાંથી જ્ઞાનાદિગુણની પર્યાયને અહીં ગુણ તરીકે કહેલ છે.

કાર્યશુદ્ધ જીવ અને કારણશુદ્ધ જીવની અર્થપર્યાયો શુદ્ધ છે, તેથી તેના શુદ્ધ ગુણો છે એમ કહ્યું છે. તે આત્મા શુદ્ધ છે, ને તેના ગુણો (અર્થપર્યાયો) પણ શુદ્ધ છે.

"આ અશુદ્ધ છે, આના ગુણો અશુદ્ધ છે." અહીં સાધકજીવની વાત છે. સાધક જીવને હજી અશુદ્ધતા છે ને તેના જ્ઞાનાદિની પર્યાય હજી વિભાવરૂપ છે, માટે તેના અશુદ્ધ ગુણો છે, અર્થાત્ તેની અર્થપર્યાયો અશુદ્ધ છે.

અજ્ઞાની જીવ પણ અશુદ્ધ જીવ છે ને તેના અર્થ પર્યાયો પણ અશુદ્ધ છે.

"પર્યાય પણ એ પ્રમાણે છે" એટલે શું?

શુદ્ધ જીવની પર્યાય શુદ્ધ ને અશુદ્ધ જીવની પર્યાય અશુદ્ધ છે. હવે કેવળજ્ઞાન અને મતિજ્ઞાનાદિ અર્થપર્યાય તો પહેલાં શુદ્ધ ગુણ અને અશુદ્ધગુણમાં આવી ગયા છે. એટલે અહીં પર્યાય કહેતા વ્યંજન પર્યાયો લેવા.

જે ત્રિકાળ કારણશુદ્ધ જીવ છે તેની પર્યાય પણ ત્રિકાળ શુદ્ધ છે, અને જે કાર્યશુદ્ધ જીવ છે તેની વ્યંજન પર્યાય શુદ્ધ છે. તેના અર્થ પર્યાયને તો શુદ્ધગુણમાં લીધાં છે.

સાધકજીવની વ્યંજનપર્યાય પણ અશુદ્ધ છે. અર્થપર્યાય અશુદ્ધ છે તે વાત તો

[ અનુસંધાન પાનું ૨૬ ]

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

અહીં આસ્રવભાવનાનું વર્ણન ચાલે છે, તેમાં મોહસહિત આસ્રવ તે જ ખરેખર આસ્રવ છે એમ બતાવે છે—

मोहविपाकवशात् ये परिणामा भवन्ति जीवस्य ।
ते आस्रवाः मन्यस्व मिथ्यात्वादयः अनेकविधाः ॥८९॥

અર્થ :-મોહકર્મના ઉદયથી આ જીવને જે પરિણામ થાય છે તે જ આસ્રવ છે, એમ હે ભવ્ય! તું પ્રગટપણે જાણ! તે પરિણામ મિથ્યાત્વાદિથી માંડીને અનેક પ્રકારનાં છે. ૮૯.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચે આસ્રવ છે; તેમાં યોગનું કંપન તે મુખ્ય આસ્રવ નથી પણ મોહ વગેરે ભાવ જ મુખ્ય આસ્રવ છે. મોહકર્મના વિપાકના વશથી જીવને મિથ્યાત્વ અને રાગદ્વેષના પરિણામ થાય છે, તે મલિન પરિણામ ભાવઆસ્રવ છે. મોહકર્મથી વિકાર થતો નથી, પણ મોહકર્મને વશ થવાથી વિકાર થાય છે. ચિદાનંદસ્વભાવને ચૂકીને જેને પુણ્ય-પાપ વગેરેની મીઠાશ લાગે છે તેને મિથ્યાત્વનો આસ્રવ છે. આમ આસ્રવની અનુપ્રેક્ષા ધર્મી જીવ કરે છે. હું તો જ્ઞાનાનંદ છું, જે પુણ્ય-પાપના ભાવ થાય છે તે આસ્રવ છે-મલિનતા છે, તે મારું સ્વરૂપ નથી.

હે ભવ્ય! તું પ્રગટપણે એમ જાણ કે આત્માને જે મિથ્યાત્વ અને રાગાદિના મલિન પરિણામો થાય છે તે જ આસ્રવ છે. વિષયોમાં સુખની માન્યતા, દયા-વ્રતાદિનાં શુભ પરિણામ—તે બધોય આસ્રવભાવ છે.

કર્મબંધનું કારણ આસ્રવ છે. મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાયને યોગ એ પાંચ પ્રકારના આસ્રવ છે. જેમ નૌકામાં છિદ્ર પડતાં પાણી આવે છે, તેમ જેને ચૈતન્ય-સ્વભાવને ચૂકીને મિથ્યાત્વાદિરૂપ છિદ્ર પડ્યું, તેને કર્મનો આસ્રવ થાય છે.

અનાદિથી જીવે સાત તત્ત્વોને યથાર્થ જાણ્યાં નથી. અનાદિથી સાત તત્ત્વની ભૂલ ચાલી આવે છે. જીવને અજીવનો કર્તા માને, અજીવથી પોતાને લાભ-નુકશાન માને, પુણ્ય-પાપ બંને વિકાર હોવા છતાં પુણ્ય સારું ને પાપ ખરાબ એમ ભેદ પાડે, આસ્રવો દુઃખદાયક હોવા છતાં તેને સુખદાયક માને, પુણ્ય-પાપ બંને બંધનું

કારણ હોવા છતાં પુણ્યને ધર્મનું કારણ માને, સંવર-નિર્જરાને કષ્ટદાયક માને, તથા મોક્ષને વિપરીત માને-તે જીવને સાત તત્ત્વોની ભૂલ છે. સાચા જ્ઞાનનો અભ્યાસ કરવામાં અજ્ઞાનીને અરુચિ અને કંટાળો આવે છે. જેને આત્માનો ધર્મ રુચતો નથી તેને સમ્યગ્જ્ઞાન અને વૈરાગ્યમાં કંટાળો આવે છે, ને જમવામાં શીખંડ-પુરી ખાવામાં મજા આવે છે, તે જીવને સંવર-નિર્જરા તત્ત્વની વિપરીત બુદ્ધિ છે. ચૈતન્યસ્વભાવની ભ્રાંતિ અને વિષયોમાં લીનતા—એવી જે મિથ્યાબુદ્ધિ છે તે મહા આસ્રવ છે, તેમ જ હિંસાદિ અવિરતભાવ તથા પ્રમાદ, કષાય અને યોગ પણ નવા આસ્રવનું કારણ છે. તેમાં યોગ તો પ્રદેશ અને પ્રકૃતિનું જ કારણ છે, તથા મિથ્યાત્વાદિ ચાર ભાવો સ્થિતિ અને અનુભાગનું કારણ છે. મોહકર્મનો વિપાક થતાં તેને વશ થવાથી મિથ્યાત્વાદિભાવો થાય છે. કર્મ તો પર પદાર્થ છે, તે જીવને કાંઈ પણ નુકશાન કરતું નથી. આત્મા પોતે સ્વભાવને ચૂકીને મોહને તાબે થાય ત્યારે વિકાર થાય છે. ચોખા ક્યાં પાક્યા? ચોખા તો ચોખામાં પાક્યા. તે કાંઈ ખાનારને રાગ કરાવતા નથી કે તું મને ખા, પણ જીવ પોતે રાગ કરે છે. તેમ મોહ કર્મને તાબે થઈને અજ્ઞાની જીવ મિથ્યાત્વાદિ ભાવને કરે છે. તે મિથ્યાત્વાદિ ભાવો જ આસ્રવ-બંધનું મુખ્યકારણ છે. યોગનું કંપન એક સમયના બંધને કરે છે પણ તેનાથી સ્થિતિ કે અનુભાગ પડતો નથી, તેથી યોગનું કંપન બંધના કારણોમાં મુખ્ય નથી. મિથ્યાત્વાદિ ભાવો જ મુખ્ય બંધના કારણો છે.

આગળ કહે છે કે પુણ્ય-પાપના ભેદથી આસ્રવને બે પ્રકારનો કહ્યો છેઃ—

कर्म पुण्यं पापं हेतु तयोः च भवन्ति स्वच्छेतराः ।
मन्दकषायाः स्वच्छाः तीव्रकषायाः अस्वच्छाः स्फुटम् ॥९०॥

અર્થઃ—કર્મ છે તે પુણ્ય અને પાપ એવા બે પ્રકારનાં છે. તેનું કારણ પણ બે પ્રકારનું છે. એક પ્રશસ્ત અને બીજું અપ્રશસ્ત. ત્યાં મંદકષાયરૂપ પરિણામ છે તે તો પ્રશસ્ત એટલે શુભ છે તથા તીવ્ર કષાયરૂપ પરિણામ છે તે અપ્રશસ્ત એટલે અશુભ છે એમ પ્રગટ જાણો. ૯૦.

શુભ અને અશુભ પરિણામોનું વર્ણન આગળ કરશે.

ભાવાર્થઃ—શાતા વેદનીય શુભ આયુ, ઉચ્ચગોત્ર અને શુભનામ—એ પ્રકૃતિઓ તો પુણ્ય (શુભ)રૂપ છે. તથા બાકીનાં ચાર ઘાતિકર્મો, અશાતાવેદનીય, નર્કાયુ, નીચગોત્ર અને અશુભનામ એ બધી પ્રકૃતિઓ પાપરૂપ છે, તેના કારણરૂપ આસ્રવ પણ બે પ્રકારના છે, ત્યાં મંદકષાયરૂપ પરિણામ છે તે પુણ્ય આસ્રવ છે તથા તીવ્ર કષાયરૂપ પરિણામ છે તે પાપાસ્રવ છે.

શુભ આયુ વગેરે પુણ્યપ્રકૃતિ શુભભાવથી બંધાય છે, તે પણ આસ્રવ છે, વિકાર છે. મંદ કષાય વડે પુણ્યાસ્રવ થાય છે, પણ તે કાંઈ ધર્મ નથી. ધર્મ તો અકષાયભાવરૂપ છે, તેનાથી આસ્રવ થાય નહિ. તીવ્ર કષાયરૂપ પાપ પરિણામથી અશુભ કર્મોનો આસ્રવ થાય છે. શુભ કે અશુભ બંને આસ્રવો વિકાર છે.

હવે મંદ અને તીવ્ર કષાયના દૃષ્ટાંતો કહે છે.

सर्वत्र अपि प्रियवचनं दुर्वचने दुर्जने अपि क्षमाकरणम् ।
सर्वेषां गुणग्रहणं मन्दकषायाणां दृष्टाता: ।।९१।।

અર્થ :—સર્વ જગ્યાએ શત્રુ-મિત્રાદિમાં પ્રિય-હિતરૂપ વચન બોલવાં, દુર્વચનો સાંભળીને પણ દુર્જનો પ્રત્યે ક્ષમા કરવી તથા સર્વ જીવોના ગુણ જ ગ્રહણ કરવા એ સર્વ મંદકષાયનાં દૃષ્ટાંત છે. ૯૧.

બધા જીવો પ્રત્યે પ્રિય અને હિતરૂપ વચન બોલવાનો શુભભાવ તે પણ વિકાર છે. તે પુણ્યાસ્રવનું કારણ છે. દુર્વચનો કહેનારા દુર્જન પ્રત્યે પણ ક્ષમાનો શુભરાગ રાખવો તે પુણ્ય છે, આસ્રવનું કારણ છે, તે ધર્મ નથી. ચૈતન્યસ્વભાવના ભાનસહિત ક્રોધાદિ વિકારભાવ ન થાય ને વીતરાગભાવ રહે તેનું નામ પરમાર્થ ક્ષમા છે, તે ધર્મ છે તથા સર્વે જીવોનાં ગુણ ગ્રહણ કરવા એટલે જેનામાં ગુણ હોય તે ગ્રહણ કરવા તે પણ શુભ આસ્રવનું કારણ છે.

आत्मप्रशंसाकरणं पूज्येषु अपि दोषग्रहणशीलत्वम् ।
वैरधारणं च सुचिरं तीव्रकषायाणां लिङ्गानि ।।९२।।

અર્થ :—પોતાની પ્રશંસા કરવી, પૂજ્ય પુરુષોના પણ દોષ ગ્રહણ કરવાનો સ્વભાવ રાખવો તથા ઘણા કાળ સુધી વેર ધારણ રાખવું એ તીવ્રકષાયના ચિહ્ન છે. ૯૨.

પોતાની પ્રશંસા કર્યા કરે, પૂજ્ય પુરુષોની પણ નિંદા કરે, કોઈ પ્રત્યે વેર ધારણ કરી રાખવું એવો તીવ્ર ઇર્ષાભાવ-તે બધાય તીવ્ર કષાયના દૃષ્ટાંતો છે. તે પાપ આસ્રવના કારણો છે.

પુરુષાર્થસિદ્ધઉપાયની ૧૨૧ મી ગાથામાં તીવ્રકષાય માટે બિલાડીનું અને મંદ કષાય માટે હરણનું ઉદાહરણ આપ્યું છે. તે આ પ્રમાણે : લીલા ઘાસનાં અંકુર ચરવાવાળા હરણના બચ્ચામાં (એ ઘાસ ચરતી વેળા) પણ તત્સંબંધી મૂર્છા મંદ હોય છે ત્યારે તે જ હિંસા ઉંદરોના સમૂહનું ઉન્મંથન કરવાવાળી બિલ્લીમાં તીવ્ર હોય છે. હરણ તો સ્વભાવથી જ લીલાં ઘાસની અધિક શોધમાં રહેતું નથી છતાં જ્યારે તેને લીલું ઘાસ મળી જાય તો તે થોડું ઘણું ખાઈને તેને છોડીને ભાગી જાય છે, પરંતુ બિલ્લી તો પોતાના ખાદ્યપદાર્થની તપાસમાં સ્વભાવથી જ અધિક

ચેષ્ટિત રહે છે, વળી તે ખાદ્ય પદાર્થ મળતાં તેમાં એટલી બધી અનુરક્ત થાય છે કે માથા ઉપર ડાંગ મારતાં છતાં પણ તેને છોડતી નથી. એટલે આ હરણ અને બિલ્લી એ બે મંદ અને તીવ્રકષાયના સરલ અને પ્રગટ ઉદાહરણ છે.

બિલાડીને તો પોતાના ખાદ્ય પદાર્થ ઉંદર વગેરેમાં તીવ્ર ગૃદ્ધિભાવ છે, ને હરણનું બચ્ચું તો લીલું ઘાસ ખાતાં ખાતાં જરાક અવાજ થાય ત્યાં તે છોડીને ભાગે છે. જો તેને તીવ્ર ગૃદ્ધિભાવ હોત તો તે ખાવાનું છોડીને ભાગત નહિ. આ તો દૃષ્ટાંત છે, પણ તે પ્રમાણે દરેક જીવના તીવ્ર અને મંદ પરિણામનું સમજવું. જેને તીવ્ર મૂર્છા ભાવ છે તેને તીવ્ર કષાય છે. બિલાડીને ઉંદર મારવામાં તીવ્ર કષાય અને તીવ્ર મૂર્છા છે. ઉંદર પાછળ દોડીને ઝપટ મારીને તેને મારી નાંખે છે પછી તેને પકડીને ખાવામાં પણ તેને એવો તીવ્ર ગૃદ્ધિભાવ છે કે કોઈ લાકડી મારે તોપણ ઉંદરને છોડે નહિ. હરણિયું તો જરાક ભય થતાં ઘાસ છોડીને ભાગે છે. એ જ પ્રમાણે કોઈ જીવો વેપાર કે વિષય વગેરેમાં એવા ગૃદ્ધિ થઈ જાય છે કે રોગની કે મરણની પણ દરકાર કરતા નથી. જેને તીવ્રગૃદ્ધિભાવ હોય તેને ભયનાં કારણો આવવા છતાં પણ તે તેને છોડતો નથી. આવા તીવ્રગૃદ્ધિભાવવાળા જીવને અશુભ કર્મોનો આસ્રવ થાય છે ને કોઈ જીવોને વિષય કષાયમાં મંદ પરિણામ હોય, તે કારણ બનતાં તેને છોડી દે છે, તેને મંદ પરિણામ છે. પૂજા-દયા-વગેરેમાં શુભ પરિણામ થાય તે પુણ્યાસ્રવનું કારણ છે. સંસારમાં ચૈતન્યમૂર્તિ ભગવાનને ભૂલીને કોઈ જીવો તો વિષયોમાં બિલાડીની જેમ એવા ગૃદ્ધિ થઈ જાય છે કે તેને છોડતા નથી, ને કોઈ જીવોને ઓછી ગૃદ્ધિ હોય છે. કર્મમાં શૂરા તો ધર્મમાં શૂરા-એમ નથી, પણ જે જીવે પોતાનું તીવ્ર ઊંધું વીર્ય કર્યું છે તે જો સવળો પડે તો ધર્મમાં શૂરો થાય-પણ કાંઇ ઊંધું વીર્ય તીવ્ર હતું માટે સવળું વીર્ય થયું એમ નથી.

(૧) સંસારમાં કોઈ જીવો શૂરા હોય ને ધર્મનું કાંઈ ન કરે.

(૨) કોઈ જીવ સંસારમાં શિયાળ જેવા હોય, ને ધર્મમાં સિંહ જેવા હોય, સંસારની આવડત ન હોય પણ કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામી જાય.

(૩) કોઈ જીવો સંસારમાં પણ શૂરા હોય ને પછી ધર્મમાં પણ શૂરા હોય.

(૪) કોઈ જીવો સંસારમાં ધર્મમાં એકેયમાં શૂરા ન હોય. આવા ચાર પ્રકાર છે.

માટે સંસારનાં કામની શૂરવીરતા તે કાંઈ ધર્મનું કારણ નથી. હવે કહે છે કે જે આસ્રવોને છોડતો નથી તેને આસ્રવ ચિંતવન નિષ્ફળ છે.

एवं जानन् अपि स्फुटं परित्यजनीयान् अपि यः न परिहरति ।
तस्य आस्रवानुप्रेक्षा सर्वा अपि निरर्थका भवति ॥ ९३ ॥

અર્થ :—આ પ્રમાણે પ્રગટ જાણવા છતાં પણ જે તજવાયોગ્ય પરિણામોને છોડતો નથી તેનું સર્વ આસ્રવચિંતવન નિરર્થક છે—કાર્યકારી નથી. ૯૩.

જુઓ, આ આસ્રવભાવો તે છોડવા જેવા છે. ચૈતન્યસ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્ર થતાં આસ્રવો છૂટી જાય છે. પુણ્ય અને પાપ બંને આસ્રવો છે એવું જાણવા છતાં પણ જે જીવો વિપરીત અભિપ્રાય છોડતા નથી તે જીવોને આસ્રવનું ચિંતવન નિષ્ફળ છે, એટલે કે તેને ખરી આસ્રવ-અનુપ્રેક્ષા હોતી નથી. આસ્રવ તે મારું સ્વરૂપ નથી એમ જાણીને જે આસ્રવરહિત આત્મસ્વરૂપને ઓળખે, ને મિથ્યાત્વાદિ આસ્રવને છોડે તો આસ્રવભાવના સફળ છે.

પુણ્ય-પાપ બંને આસ્રવ છે-એમ બોલે, પણ પોતે ઊંધી માન્યતાને છોડે નહિ તેને તો આસ્રવનું ચિંતવન પોપટ જેવું છે. એક પોપટને કોઈએ એમ શીખવ્યું કે "અરે પોપટ! પારધિ આવશે, દાણા નાખશે, પછી જાળ નાખીને તને પકડશે." પછી પારધિ આવ્યો ને જાળ નખી, પોપટ ઉપર પ્રમાણે ગોખતો ગોખતો તે જાળમાં પડ્યો. તેમ અજ્ઞાની જીવ એમ ગોખે છે કે "પુણ્ય-પાપ આસ્રવ છે, છોડવા જેવા છે" પણ પોતે ચૈતન્યનું ભાન કરીને આસ્રવોને છોડતો નથી. કુદેવ કુગુરુનું સેવન છોડતો નથી, તેવા જીવને આસ્રવનું ચિંતન નિષ્ફળ છે.

આસ્રવ-અનુપ્રેક્ષાનું ચિંતવન કરીને પ્રથમ તો તીવ્રકષાય છોડે. કુદેવ કુગુરુનું સેવન છોડે, ને આત્માનું ભાન કરીને પછી શુદ્ધાત્માનું ધ્યાન કરવું અર્થાત્ સર્વ કષાયો છોડવા—એ જ ચિંતવનનું ફળ છે. માત્ર વાતો કરે તે કાંઈ સફળ નથી.

હવે કોને આસ્રવનું ચિંતવન સફળ છે તે કહે છે.

**एतान् मोहजभावान् यः परिवर्जयति उपशमे लीनः ।**
**हेयं इति मन्यमानः आस्रवानुप्रेक्षणं तस्य ।।९४।।**

અર્થ:—જે પુરુષ ઉપર કહેલાં સઘળા મોહના ઉદયથી થયેલા મિથ્યાત્વાદિ પરિણામોને છોડે છે, કેવો થયો થકો? ઉપશમ પરિણામ જે વીતરાગભાવ તેમાં લીન થયો થકો; તથા એ મિથ્યાત્વાદિ ભાવોને હેય અર્થાત્ ત્યાગવાયોગ્ય છે એમ જાણતો થકો (તેને છોડે છે) તેને આસ્રવાનુપ્રેક્ષા હોય છે. ૯૪.

મારો ચૈતન્યસ્વભાવ પુણ્ય-પાપરહિત છે, એવા ચિદાનંદ સ્વભાવનું ભાન કરીને તેના ઉપશમભાવમાં લીન થતાં મોહભાવો છૂટી જાય છે, તેવા જીવને ખરી આસ્રવ અનુપ્રેક્ષા હોય છે. હું જ્ઞાયક ચૈતન્ય છું-એવું ભાન કરીને પછી તેમાં અંતર્મુખ એકાગ્રતા વડે ઉપશમભાવમાં લીન થાય છે, તેને આસ્રવો છૂટી જાય છે, તેને જ ખરેખર આસ્રવનું ચિંતવન છે.

આસ્રવ પંચ પ્રકારને, ચિંતવે તજી વિકાર,
તે પામે નિજરૂપને, એ જ ભાવનાસાર.

મિથ્યાત્વાદિ પાંચ પ્રકારના આસ્રવો છે, ને મારો ચિદાનંદસ્વભાવ શુદ્ધ છે એમ ઓળખીને નિજાનંદની અનુભૂતિમાં લીન થાય છે તે જીવ પોતાના શુદ્ધસ્વરૂપને પામે છે, તેને જ આ ભાવના સારભુત છે. જેમ ખરો પુત્ર હોય તે બાપના દુશ્મનની પ્રશંસા કરે નહિ, તેમ જેને ચૈતન્યસ્વભાવ રુચ્યો ને વિપરીત અભિપ્રાય છૂટયો તે જીવ વિપરીત અભિપ્રાયવાળા જીવોની પ્રશંસા કરે નહિ, જેમ પ્રતિવ્રતા સ્રી પોતાના પતિ સિવાય બીજા ઉપર પ્રેમ કરે નહિ, તેમ ધર્મી જીવ કુદેવાદિને માનતો નથી, કુદેવાદિ ઉપર પહેલાં પ્રીતિ હતી તેમ જો સાચા દેવ–શાસ્ત્ર–ગુરુને ઓળખીને તેમના પ્રત્યે વિશેષ ભક્તિભાવ ન આવે તો તે કુલટા સ્રી જેવો છે, તેને ચૈતન્યની રુચિ નથી, ને તેને એક પણ આસ્રવ છૂટતો નથી. જે જીવ ચૈતન્યસ્વભાવની રુચિ કરે તેને જ ખરી આસ્રવ અનુપ્રેક્ષા હોય છે. (ક્રમશઃ)

—※—

[ વિવિધ ભેદોરૂપ જીવનું સ્વરૂપ....પાનું ૨૦ થી ચાલુ ]

અશુદ્ધગુણમાં આવી ગઈ; એટલે અહીં પર્યાય અશુદ્ધ છે તેમાં એકલી વ્યંજન પર્યાય જ લેવાની છે.

શુદ્ધ જીવના પર્યાયો શુદ્ધ છે; તેમાં જે કારણશુદ્ધ જીવ છે તેને તો અર્થ અને વ્યંજન બંને પર્યાય ત્રિકાળ શુદ્ધ છે. કાર્યશુદ્ધ જીવને પણ વ્યજંન પર્યાય શુદ્ધ છે. અશુદ્ધ જીવની અશુદ્ધ પર્યાય છે, એમ કહ્યું છે તેમાં સંસારદશાની વિભાવ વ્યંજન પર્યાય છે તે લેવી, કારણશુદ્ધ જીવને જે ત્રિકાળ એકરૂપ પર્યાય છે તે શુદ્ધ છે, ને પ્રદેશત્વની પર્યાય પણ ત્રિકાળ શુદ્ધ છે, સંસારી જીવની આકૃતિમાં જે પરનિમિત્તથી વિભાવ છે, તેની અપેક્ષા તેમાં ન લેવી. કારણશુદ્ધ જીવની તો વ્યંજન પર્યાય પણ ત્રિકાળ શુદ્ધ છે.

કાર્યશુદ્ધ જીવને કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણો છે, એમ કહ્યું, તેમાં અર્થપર્યાય આવી ગઈ ને પછી "શુદ્ધ પર્યાય છે" એમ કહ્યું તેમાં વ્યંજન પર્યાય આવી ગઈ.

જેને મતિજ્ઞાનાદિ વિભાવગુણો છે તેને અશુદ્ધ ગુણ કહ્યા, તેમાં અર્થપર્યાય આવી ગઈ, ને તેની "પર્યાય અશુદ્ધ છે" એમ કહ્યું તેમાં વ્યંજન પર્યાયની વાત આવી ગઈ, એ રીતે જીવના વિવિધ ગુણપર્યાયો બતાવીને જીવને ઓળખાવ્યો છે.

જીવના ભેદો જણાવ્યા; અભેદના આશ્રયપૂર્વક આવા ભેદોથી જીવને જાણે તે વ્યવહાર સમ્યગ્દર્શન છે, ને અભેદના આશ્રયે શ્રદ્ધા તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. ( ક્રમશઃ )

—※—

## પ્રવચનકેસેટ–રસિકોને એક ઉપયોગી માહિતી—

# 'શ્રી દિ. જૈન કુંદકુંદ–કહાન સ્મૃતિભવન'

આગરા નગરમાં 'શ્રી દિ. જૈન કુંદકુંદ કહાન સ્મૃતિભવન'નું નિર્માણકાર્ય ખૂબ ઝડપથી ચાલી રહ્યું છે. ભોંયરું તથા રોડ પરનો પહેલો માળ પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનની ૭૨ મી જન્મજયંતી સુધીમાં બની જવાની પૂરેપૂરી સંભાવના છે. આ શુભ પ્રસંગે, પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મપ્રવચનોનો જિજ્ઞાસુઓને લાભ મળે એ હેતુથી, જન્મજયંતીના દિવસે 'ટેઈપ-કેસેટ વિભાગ' ખોલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેઈપ-પ્રવચન તથા ટેઈપ-રેકોર્ડર અર્ધી કિંમતે તત્ત્વજિજ્ઞાસુ ભાઈ-બહેનોને તથા સંસ્થાઓને આપવામાં આવશે. સારા ટેઈપ-રેકોર્ડરની કિંમત રૂા. ૧૧૦૦ ને બદલે માત્ર રૂા. ૬૦૦/– અને કેસેટ-પ્રવચનોની કિંમત રૂા. ૬/– રાખવામાં આવી છે. એક ટેઈપ-રેકોર્ડર સાથે ઓછામાં ઓછી ૧૦૦ કેસેટ ખરીદવી અનિવાર્ય છે, જેથી પ્રવચનોનો લાભ ધારાવાહી મળી શકે. ખરીદનાર તત્ત્વપ્રેમીઓને એ પણ અનુરોધ છે કે આ ટેઈપ-રેકોર્ડર દ્વારા માત્ર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા તથા અધ્યાત્મ ગીતો જ સાંભળે. શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર તથા 'બહેનશ્રીનાં વચનામૃત' પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેઈપ પ્રવચનો મળશે. ૧૦૦ કેસેટ એક જ શાસ્ત્રનાં પ્રવચનોની મળશે.

વેચાણનો શુભારંભ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના મંગલ સાંનિધ્યમાં સોનગઢ મધ્યે થશે. ત્યાર પછી આ કાર્ય આગરા મધ્યે 'શ્રી કુંદકુંદકહાન સ્મૃતિભવન'માં સુવ્યવસ્થિતરૂપે ચાલુ રહેશે.

અધ્યાત્મનાં ભજનોની ૬ કેસેટ, શ્રીમતી કનકપ્રભા હાડાના સ્વરમાં બાર ભાવના સહિત, મળશે. કિંમત રૂા. ૬૦/–

જે મહાનુભાવોને તથા સંસ્થાઓને પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોનો નિત્ય લાભ લેવો હોય તેઓ તા. ૩૧ જુલાઈ સુધીમાં અમને વિદિત કરે, જેથી ઉચિત વ્યવસ્થા કરવી સુગમ પડે. વળી, પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૭ મી જન્મજયંતીના શુભાવસરે આ ભવનમાં અધ્યાત્મ શાસ્ત્રો છાપવા માટે મોટું પ્રેસ ચાલુ કરવાની યોજના છે, જેની વિસ્તૃત માહિતી યથાવસરે આપવામાં આવશે.

પત્રવ્યવહારનું સરનામું—
શ્રી દિ. જૈન કુંદકુંદ–કહાન સ્મૃતિભવન
(ટેઈપ–વિભાગ)
૨૨૦, ચૈતન્યવિલાસ; એમ. જી. રોડ; આગરા–૨ (ઉત્તર પ્રદેશ)

નિવેદક—
પદમચંદ જૈન, શરાફ
—સંચાલક

[ સાચો મુમુક્ષુ...ટાઈટલ પેઈજ ૨ થી ચાલુ ]

આત્મા અંદરથી જાગી ઉઠે છે. ગુરુ ઉપદેશમાં કહે છે : ચારેય અનુયોગોનું તાત્પર્ય વીતરાગતા છે. ભગવાન! તારું સ્વરૂપ અંદર વીતરાગ છે ને! જો રાગથી ભેદજ્ઞાન ન કર્યું તો તેં શું કર્યું? અવસર ચાલ્યો જાય છે ને આ દેહ તો છૂટી જવાનો છે, અત્યારે દેહથી ને રાગથી ભિન્ન નિજ જ્ઞાયક આત્માનું ભેદજ્ઞાન નહિ કર તો પછી કયારે કરીશ? આ દેહની અંદર, પણ દેહાદિથી જુદો, જ્ઞાન ને આનંદ આદિ અપરિમિત ગુણોનો ભંડાર આખો જ્ઞાયક પદાર્થ બિરાજે છે; તેની ગંભીરતાનો વિચાર તો કર કે એ શી ચીજ છે! લોકનો અંત છે પણ અલોકનો અંત કયાં? એમ ક્ષેત્રનો સ્વભાવ જો અચિન્ત્ય ને આશ્ચર્યકારી છે તો તેને જાણવાવાળા ભગવાન આત્માના જ્ઞાન ને આનંદ વગેરે અચિન્ત્ય મહિમાનું તો શું કહેવું? દેહ અને રાગથી ભિન્ન પડીને એ અપરિમિત અભેદ ગુણસાગર ઉપર દૃષ્ટિ કર.—એ, જ્ઞાની ગુરુનો હિતકારી ઉપદેશ છે. ભેદજ્ઞાન કરાવવા માટે દેવાયેલા ઉપદેશના તીક્ષ્ણ પ્રહારોથી સાચા મુમુક્ષુને આત્મા અંદરથી જાગી ઊઠે છે અને અંતરમાં જ્ઞાયકની રુચિ પ્રગટે છે. સમયસારમાં આવે છે ને—

भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन ।
अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन ।।

અત્યાર સુધી જે કોઈ મુક્તિ—સિદ્ધપદ પામ્યા છે તે બધા ભેદ વિજ્ઞાનથી જ પામ્યા છે અને જે કોઈ બંધાયા છે—સંસારમાં રખડી રહ્યા છે તે બધા ભેદવિજ્ઞાનના અભાવથી જ બંધાયા છે. અહા! આ દેહાદિની ક્રિયા અને રાગની ક્રિયાથી તદ્દન ભિન્ન હું કેવળ જ્ઞાયક જ છું—એમ ભેદવિજ્ઞાનથી જ બધા સમ્યગ્દર્શન પામ્યા છે, ભેદવિજ્ઞાનથી જ ચારિત્ર પામ્યા છે અને ભેદવિજ્ઞાનથી જ કેવળજ્ઞાન—પૂર્ણ દશા પામ્યા છે. પ્રભુ! સહજ અનંત જ્ઞાન, સહજ અનંત આનંદ આદિ અપરિમિત અનંત ગુણોથી સદા ભરપૂર એવા નિજ ધ્રુવ ચૈતન્ય દળ ઉપર તું નજર કર તો તને સમ્યગ્દર્શન—ધર્મનું પ્રથમ સોપાન—શરૂ થશે. એ વિના બધું—શાસ્ત્રાભ્યાસ, ભક્તિ, વ્રતાદિની ક્રિયા વગેરે—થોથાં છે.

ગુરુનો આવો ઉપદેશ સાંભળીને, જેને આત્મપ્રાપ્તિની તીવ્ર અભિલાષા છે એવા સાચા આત્માર્થીનો આત્મા અંદરથી જાગી ઊઠે છે. સમયસારની પાંચમી ગાથામાં શ્રી કુંદકુંદાચાર્યદેવે—નગ્ન દિગંબર વીતરાગ સંતે—કહ્યું છે :

'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण ।' એકાદ ભવમાં પૂર્ણ પરમાત્મસ્વરૂપ થવાની લાયકાતવાળા એ મહાન સંત કહે છે કે 'હું મારા આત્માના આનંદઝરતા નિજ વૈભવ વડે આત્માના તે એકત્વ વિભક્તસ્વરૂપને કહીશ.' મેં માત્ર સાંભળ્યું છે માટે

કહીશ—એમ નહિ, પણ હું મારા સ્વાનુભવપ્રત્યક્ષપ્રમાણથી કહીશ. હે શ્રોતા! તું પણ તારા સ્વાનુભવપ્રત્યક્ષથી તેને પ્રમાણ કરજે—સ્વીકાર કરજે. અહા! જુઓ તો દિગંબર સંતોની આ વાણી! છે ક્યાંય બીજે આવી વાત? લોકોએ સાંભળ્યું નથી કે આ શી ચીજ છે, નાગા બાદશાહથી આઘા—નગ્ન વીતરાગ મુનિરાજ બાદશાહથી પણ ઊંચા છે, શ્રેષ્ઠ છે, અધિક છે; તેમને કોઈની દરકાર નથી, સમાજને ઠીક પડશે કે નહિ એની કાંઈ પડી નથી. અહા! આવો મારગ છે.

જૈનદર્શન સમજવું એ કોઈ અલૌકિક ચીજ છે. વાડામાં જન્મ્યા એટલે 'જૈન' થઈ જાય એમ નથી. મંદિર, પૂજા, ભક્તિ, વાંચન કે વ્રતાદિથી ધર્મ નથી; ધર્મ તો અંદર દેહાદિથી ને રાગાદિથી ભિન્ન નિજ જ્ઞાયક પ્રભુનું ભેદજ્ઞાન કરવાથી થાય છે;—ગુરુના આવા હિતકારી ઉપદેશના તીખા પ્રહારોથી સાચા મુમુક્ષુનો આત્મા અંદરથી જાગી જાય છે કે 'અરે! હું તો જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છું.' અરે જુઓને! ક્ષણમાં આયુષ્ય પૂરું થઈ જાય છે, આ દેહ છોડીને જીવ બીજા ભવમાં ચાલ્યો જાય છે. સંયોગી ચીજ તો છૂટી પડે જ ને? માતાના પેટમાંથી બાળક બહાર આવ્યું; માતા હજુ તેના ઉપર નજર કરે તે પહેલાં તો તે મરી પણ જાય. માતાની ગોદમાં આવ્યા પહેલાં તો તે અનિત્યતાની ગોદમાં આવી ચૂક્યું છે. સંયોગ થયો તે વિયોગને લઈને જ આવ્યો છે. ભાઈ! આ દેહ એક ક્ષણમાં છૂટી જશે, તેને રાખવા માટે લાખ ઉપાય કરે, મોટા મોટા ડાકતરો બોલાવે, કરોડો રૂપિયા ખર્ચે—એ બધું વ્યર્થ છે.

પ્રભુ! તારી જ્ઞાયક ચીજ અંદર ભગવાન-સ્વરૂપે બિરાજમાન છે ત્યાં એકવાર તો જો ને. ત્યાં તારી પ્રભુતા પર નજર કર ને. પામરતા પર—દયા પાળી, ભક્તિ કરી પૂજા કરી, એ રાગ ઉપર—તારી નજર અનાદિની છે; એ દૃષ્ટિ તો મિથ્યાદૃષ્ટિ છે જ પણ એક સમયની પર્યાય, અલ્પજ્ઞતા કે ગુણભેદની જે દૃષ્ટિ તે પણ પર્યાયમૂઢતા છે. અહા ભગવાન! તું તો પૂર્ણાનંદનો નાથ અંદર બિરાજે છે ને! જેમ કોઈ મોટો માણસ—રાજા કે નગરશેઠ—મળવા આવ્યો હોય તે વખતે આ તેના તરફ આદર-સન્માનનું ધ્યાન ન આપે અને બાળક સાથે રમતમાં રોકાઈ જાય તો પેલો ચાલ્યો જાય; તેમ ભગવાન જ્ઞાયક આત્મા એક સમયની પર્યાય જ્યાં છે ત્યાં સમીપે જ બિરાજમાન છે, પણ તેના તરફ ધ્યાન નહિ આપતાં તું રાગ અને પુણ્ય સાથે રમતે ચડી ગયો છે, તેમાં તારો કાળ ચાલ્યો ગયો. સજ્ઝાયમાળામાં આવે છે ને?—

એક રે દિવસ એવો આવશે, જાણે જન્મ્યો જ નો'તોજી...
સગી નારી રે તારી કામની, ઊભી ટગ ટગ જોવેજી...
આ રે કાયામાં હવે કાંઈ નથી, ધ્રુસકે ધ્રુસકે રોવેજી... એક રે૦

—એ તો પોતાની સગવડતા જાય છે માટે રોવે છે, પેલો મરીને ક્યાં ગયો—નરકમાં કે ઢોરમાં—એની રોનારને ક્યાં પડી છે! એનું એને ભાન કે વિચાર પણ ક્યાં છે? પેલો મરીને ગમે ત્યાં ગયો એનું એને ક્યાં સનાનસૂતક છે! એ તો પોતાની સગવડતા ગઈ એને રોવે છે. અહીં કહે છે કે— ગુરુના હિતકારી ઉપદેશના તીખા ચાબખાથી સાચા મુમુક્ષુનો આત્મા અંદરથી જાગી ઊઠે છે, રાગની રુચિ છોડીને પૂર્ણાનંદસ્વરૂપ જ્ઞાયકપ્રભુની રુચિ જામી જાય છે. આ, ધર્મની શરૂઆત છે. એ વિના બધું—શાસ્ત્રોનું જાણપણું ને બહારના ક્રિયાકાંડ—થોથાં છે. ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્માની અંદર જ્યાં રુચિ થઈ ત્યાં તેનો ઝુકાવ વારંવાર એ તરફ જાય છે, વારંવાર ચેતન તરફ જ્ઞાયક તરફ તેનું વલણ થાય છે.

"જેમ ભક્તને ભગવાન માંડ માંડ મળ્યા હોય તો તેને મૂકવા ન ગમે, તેમ 'હે-ચેતન,' 'હે જ્ઞાયક' એમ વારંવાર અંદર કરે, તે તરફ જ રુચિ રહ્યા કરે; 'હું તો હાલુ-ચાલુ ને પ્રભુ સાંભરે રે' એવું વર્ત્યા કરે."

સુરદાસે કૃષ્ણનો હાથ ઝાલ્યો; કૃષ્ણ હાથ છોડીને અદૃશ્ય થઈ ગયા. સુરદાસ કહે છે: પ્રભુ! તમે મારા હાથમાંથી છટકી ગયા, પણ જો તમે મારા હૃદયમાંથી છટકી શકો તો ખરા! તમે મારા હૃદયમાં કોતરાઈ ગયા છો, ત્યાંથી તમે કદી છટકી શકશો નહિ. એ પ્રમાણે પરમાનંદનો નાથ જ્ઞાયકપ્રભુ જેને અંદરની રુચિથી લક્ષગત થયો હોય તેને તો 'હે ચેતન,' 'હે જ્ઞાયક'—એમ એક જ રઢ લાગી હોય છે; હરતાં ને ફરતાં, ખાતાં ને પીતાં તેને એક 'હરિ'ની—નિજ ચૈતન્યપ્રભુની—જ લગની હોય છે. અન્યમતમાં આવે છે ને—

હરતાં—ફરતાં પ્રગટ હરિ દેખું રે, મારું જીવ્યું સફળ તવ લેખું રે;
મુક્તાનંદનો નાથ વિહારી રે, ઓધા જીવન દોરી હમારી રે.

આ દેહદેવળમાં અંદર રહેલો નિજ જ્ઞાયકદેવ તે પોતાનો 'હરિ' છે, બીજો કોઈ નહિ. આનંદનિધાન જ્ઞાયકપ્રભુનો આશ્રય એ જ મુમુક્ષુનું જીવન છે, રાગથી જીવવું એ કોઈ, આત્માની ચીજ નથી. મુમુક્ષુને હાલતાં ને ચાલતાં જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયકની ધૂન વર્ત્યા કરે.

—o—

અધ્યાત્મવિદ્યાભૂમિ સોનગઢમાં—

## પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ

પ્રશમરત્ન ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ૭૨ માં જન્મજયંતી મહોત્સવના શુભાવસર (તા. ૨૮–૮–૮૫ થી તા. ૧–૯–૮૫) પર પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી દ્વારા પ્રસારિત અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થી પ્રૌઢ જૈન મહાનુભાવો માટે તા. ૧૮–૮–૮૫, રવિવાર થી તા. ૧–૯–૮૫ રવિવાર સુધી પંદર દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખવામાં આવેલ છે. શિક્ષણેચ્છુ મુમુક્ષુ ભાઈઓને સાદર આમંત્રણ છે.

સૂચના:–(૧) આ શિક્ષણવર્ગ માત્ર પુરુષો માટે રાખવામાં આવેલ છે.

(૨) શિક્ષણાર્થી પુરુષો માટે ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

(૩) પાગરણ તેમ જ અન્ય આવશ્યક વસ્તુ તથા સમયસાર તેમ જ પાઠ્યપુસ્તક–મોક્ષમાર્ગપ્રકાશક (સાતમો અધિકાર) છ-ઢાળા, પ્રશ્નોત્તરમાળા, લઘુ જૈનસિદ્ધાંતપ્રવેશિકા (પોતાની પાસે હોય તો) જરૂર સાથે લાવવા.

(૪) પ્રત્યેક મુમુક્ષુ મંડળને અનુરોધ છે કે પોતાના ગામના મુમુક્ષુઓને વધુ સંખ્યામાં લાભ લેવા માટે પ્રોત્સાહિત કરે અને આવનારાની સંખ્યા ટપાલ દ્વારા જણાવે.

## 'દસલક્ષણ-પર્યુષણપર્વ' માટે પ્રવચનકાર

જે મુમુક્ષુમંડળને 'શ્રી દસલક્ષણ પર્યુષણપર્વ' માટે સોનગઢથી પ્રવચનકાર વિદ્વાન બોલાવવાની ભાવના હોય તે 'પ્રચારવિભાગ, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ–૩૬૪ ૨૫૦ (સૌરાષ્ટ્ર), સાથે શીઘ્ર પત્ર-વ્યવહાર કરે, વિદ્વાન મોકલવાનો યથા શક્ય પ્રબંધ કરવામાં આવશે.

પધારજો !

જરૂર પધારજો !

અમદાવાદનો મુમુક્ષુવૃન્દ સુવર્ણપુરીમાં ઉજવશે

ધન્યાવતાર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૨ મો

## જન્મજયંતી-મહોત્સવ

અત્યંત પ્રસન્નતા પૂર્વક જણાવવાનું કે—મુક્ષુક્ષુસમાજના તારણહાર, સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મમાર્ગના પ્રકાશક, આપણા પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પરમભક્ત, સ્વાનુભવવિભૂષિત, ધન્યાવતાર, સ્વાનુભૂતિજનની દેશનાલબ્ધિના અનન્યાધાર પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૨ મી જન્મજયંતી (શ્રાવણ વદ બીજ) ના ઉપલક્ષમાં તા. ૨૮–૮–૮૫, બુધવાર થી તા. ૧–૯–૮૫ રવિવાર (શ્રાવણ વદ બીજ) સુધી પાંચ દિવસનો ઉત્સવ ઉજવવાનું અનુપમ સૌભાગ્ય અમને – અમદાવાદના મુમુક્ષુવૃંદને—પ્રાપ્ત થયું છે. આ પવિત્ર ઉત્સવ 'શ્રી પંચકલ્યાણક-મંડલવિધાનપૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક વિડિયો-પ્રવચન, સ્વાનુભવમૂર્તિ પૂજ્ય બહેન શ્રી ચંપાબહેનની તાત્ત્વિક વિડિયો-ચર્ચા, સમાગત વિદ્વાનોના શાસ્ત્ર-પ્રવચન, પંચકલ્યાણકના વિડિયોટેપદર્શન, જિનેન્દ્રભક્તિ, તા. ૧૮–૮–૮૫ થી તા. ૧–૯–૮૫ સુધી ચાલનારા પંદર દિવસના પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ આદિ અનેકવિધ મનોરમ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે. સમાગત મહેમાનો માટે ભોજનવ્યવસ્થા નિ:શુલ્ક રાખવામાં આવી છે. બધા સાધર્મીઓને આ અનુપમ અવસરનો લાભ લેવા માટે હાર્દિક અનુરોધ છે.

—અમદાવાદનો મુમુક્ષુવૃંદ

—૦—

* પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને હીરાથી વધાવવાનો અમૂલ્ય લાભ મળવાની ખુશાલીમાં અમરાવતી નિવાસી શ્રી લલીતાબેન તથા શ્રી દલીચંદભાઈ ત્રિભોવનદાસ ખારા તેમજ તેમના સુપુત્રો તરફથી રૂા. ૫૪૧૧/- ની દાનરાશિ શ્રી નંદીશ્વરજિનાલય આદિ વિવિધ દાન ખાતે જાહેર કરવામાં આવી છે.

**સુવર્ણપુરી સમાચાર :—**

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિ અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં રાબેતા મુજબ નિયમિત ધાર્મિક કાર્યક્રમો ચાલે છે. સવારે જિનેન્દ્રપૂજન ત્યાર બાદ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસારના સંવર અધિકાર ઉપર અધ્યાત્મરસ સભર ટેપ-પ્રવચન, પુરુષો માટે પંચાધ્યાયી ઉપર શિક્ષણવર્ગ, બપોરે બ્ર. શ્રી ચંદુભાઈનું શ્રી નિયમસાર ઉપર શાસ્ત્રવાંચન, જિનેન્દ્રભક્તિ, સાંજે શ્રી કળશટીકા ઉપર ભાવવાહી શૈલીમાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન અને ત્યારબાદ બહેનો માટે ગોગીદેવી બ્ર. આશ્રમમાં બહેનોની શાસ્ત્રસભા—એ રીતે ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે.

* પરમ પૂજ્ય પરમોપકારી ગુરુદેવશ્રીની સાધનાભૂમિની અનુપમ શોભા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું શારીરિક સ્વાસ્થ્ય હાલવા-ચાલવામાં નબળાઈ હોવા છતાં સાધારણતઃ ઠીક છે. તેમના પાવન દર્શન અને તેઓની સ્વાનુભવરસનિર્ઝરણી અધ્યાત્મ તત્ત્વચર્ચાનો અનુપમ લાભ મુમુક્ષુ સમાજ તેમજ મહેમાનોને યથાસમય મળતો રહે છે.

* અષાડ સુદ ૭, મંગળવાર, તા. ૨૫-૬-૮૫ થી અષાડ સુદ ૧૫, મંગળવાર, તા. ૨-૭-૮૫-આઠ દિવસ શ્રી નંદીશ્વર અષ્ટાહ્નિકા શાશ્વત પર્વ નવપ્રતિષ્ઠિત શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં 'શ્રી નંદીશ્વર બૃહદ્ મંડળ વિધાન પૂજા,' તેમજ આદરણીય પંડિતજી શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા વૈરાગ્ય અને ભક્તિરસસ્યન્દી ભાવથી કરાવાયેલ ભક્તિપૂર્વક ઉજવવામાં આવેલ છે.

* અષાડ વદ ૧, બુધવાર, તા. ૩-૭-૮૫ ના રોજ 'શ્રી વીરશાસન જયંતી' નો માંગલિક દિન શ્રી મહાવીર-કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિરમાં પૂજા-ભક્તિના કાર્યક્રમો દ્વારા વિશેષ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવેલ છે.

—*—

**વૈરાગ્ય સમાચાર :—**

* મુંબઈનિવાસી શ્રી કોદરીબેન જીવરાજ શાહ (વર્ષ-૯૩) તા. ૧૨-૪-૮૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમરેલીનિવાસી પ્રોફેસર શ્રી ચતુરભાઈ પ્રજાપતિ (વર્ષ-૫૦) તા. ૨૫-૪-૮૫ ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણ નિવાસી શ્રી કાંતાબેન વ્રજલાલ ઉજમશીભાઈ (વર્ષ-૬૫) તા. ૨૯-૫-૮૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરેન્દ્રનગરનિવાસી મુમુક્ષુમંડળના પ્રમુખ શ્રી શાંતિલાલભાઈ ફુલચંદ શાહ (વર્ષ-૭૬) તા. ૩૧-૫-૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરેન્દ્રનગરનિવાસી (હાલ-મુંબઈ) શ્રી ચંપકભાઈ ડગલી (વર્ષ-૬૭) તા. ૧-૬-૮૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વાંકાનેરનિવાસી શ્રી તારાબેન જયંતીલાલ શાહ (વર્ષ-૫૮) તા. ૨-૬-૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સદ્ગત આત્માઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—०—

# ❋ આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો ❋

❋ સંસારમાં ઇન્દ્રિય–જન્ય જેટલા સુખ છે તે બધાં આ આત્માને તીવ્ર દુઃખ આપનારા છે. આ રીતે જે જીવ ઇન્દ્રિય–જન્ય સુખોના સ્વરૂપનું ચિંતવન કરતો નથી તે બહિરાત્મા છે. (શ્રી કુંદકુંદ આચાર્ય, રયણસાર, ગાથા–૧૩૬)

❋ આ જીવને ત્રણ કાળ ત્રણ લોકમાં સમ્યગ્દર્શન સમાન અન્ય કોઈ કલ્યાણ નથી તથા મિથ્યાત્વ સમાન અન્ય કોઈ અકલ્યાણ નથી.

(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર, ગાથા–૩૪)

❋ મરણ સમયે જે પૂર્વકર્મના ઉદયથી રોગાદિક વ્યાધિનું દુઃખ ઉત્પન્ન થાય છે તે સત્પુરુષને દેહ પ્રત્યેના મોહના વિનાશને માટે તથા નિર્વાણના સુખને માટે છે.

(મૃત્યુ–મહોત્સવ પાઠ, શ્લોક–૧૨)

❋ જે પુરુષ રાત્રિના ભોજન કરે છે તે સર્વ પ્રકારની ધર્મક્રિયાથી રહિત હોય છે. રાત્રિભોજન કરનાર પુરુષમાં અને પશુમાં માત્ર શીંગડા સિવાય બીજો કોઈ ભેદ નથી. (શ્રી અમિતગતિ આચાર્ય, ધર્મ–પરીક્ષા, પરિચ્છેદ–૨૦, શ્લોક–૫)

❋ પ્રાણીઓનો સંસાર જ એક ઉત્કૃષ્ટ શત્રુ છે તથા રત્નત્રય જ એક ઉત્કૃષ્ટ મિત્ર છે. તેના સિવાય બીજા કોઈ શત્રુ અથવા મિત્ર નથી. જેણે તે રત્નત્રયરૂપ મિત્રના અવલંબનથી તે દુર્જય સંસારરૂપ શત્રુને જીતી લીધો છે તે અજિત જિનેન્દ્રથી મને સમીચીન સુખ પ્રાપ્ત થાવ. (શ્રી પદ્મનંદિ પંચવિંશતિ, સ્વયંભૂ-સ્તુતિ, શ્લોક–૨)

Licence No. 3 'Licensed to post without prepayment'

If undelivered please return to :–
Shri Dig. Jain Swadhyay Mandir
Trust, SONGAD–364 250

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : સુમતિ પ્રિન્ટિંગ પ્રેસ, સોનગઢ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મં. ટ્રસ્ટ, સોનગઢ